KATHOPANISHAD- GUJRATI

અનુક્રમ

પહેલો અધ્યાય

પહેલી વલ્લી

VISIT…

LANZAROTE Caliente.COM

બીજી વલ્લી

ત્રીજી વલ્લી

બીજો અધ્યાય

પહેલી વલ્લી

બીજી વલ્લી

ત્રીજી વલ્લી

*

॥ ॐ तत्सद्ब्रह्मणे नमः ॥

કઠોપનિષદ

[શાંકરભાષ્ય સહિત]

शांतिपाठः

ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु । मा विद्विषावहै ।

ॐ शान्तिः ! शान्तिः ! ! शान्तिः ! ! !

अन्वय : ॐ પૂર્ણબ્રહ્મ પરમાત્મા, (તમે) नौ=અમારા બંનેની (ગુરુ–શિષ્યની), सह=સાથે સાથે, अवतु=રક્ષા કરો, नौ=અમારા બંનેનું, सह=સાથે સાથે, भुनक्तु=પાલન કરો; सह=(અમે બંને) સાથે સાથે જ, वीर्यम्=શક્તિ, करवावहै=પ્રાપ્ત કરીએ; नौ=અમારા બંનેની, अधीतम्=ભણેલી વિદ્યા, तेजस्वि=તેજોમયી. अस्तु=થાઓ; मा विद्विषावहै= અમે બંને આપસઆપસમાં દ્વેષ ન કરીએ.

मंत्रार्थः હે પરમાત્મન્ ! આપ ગુરુશિષ્ય અમારા બન્ને-ની સાથે સાથે સર્વ પ્રકારથી રક્ષા કરો; અમારા બન્નેનું આપ

સાથે સાથે ઉચિત રીતે પાલનપોષણ કરો. અમે બન્ને સાથે સાથે જ સર્વ રીતે બળ પ્રાપ્ત કરીએ; અમે બન્નેએ ભણેલી વિદ્યા તેજસ્વી થાઓ–કોઈથી ક્યાંય પણ વિદ્યામાં હારીએ નહિ ને અમે બન્ને જણા આખી જિંદગી સ્નેહથી બંધાયેલા રહીએ. અમારામાં આપસ–આપસમાં ક્યારેય દ્વેષ ન થાઓ. ત્રિવિધ તાપની શાંતિ થાઓ.

ભાષ્ય : બ્રહ્મવિદ્યાના આચાર્ય સૂર્યપુત્ર ભગવાન યમ અને નચિકેતાને નમસ્કાર.

હવે કઠોપનિષદની વલ્લીઓને સહેલાઈથી સમજાવવા માટે આ સંક્ષિપ્ત આવૃત્તિનો આરંભ કરવામાં આવે છે :

વિશરણ (નાશ), ગતિ અને અવસાદન (શિથિલ કરવું) આ ત્રણ અર્થોવાળું તેમ જ 'ઉપ' અને 'નિ' ઉપસર્ગયુક્ત 'ક્વિપ્'– પ્રત્યયાંત ષદ્લૃ'–'સદ્' ધાતુનું 'ઉપનિષદ્' એવું રૂપ થાય છે. 'ઉપનિષદ' શબ્દથી જે ગ્રંથની વ્યાખ્યા અમે કરવા માગીએ છીએ તેના પ્રતિપાદ્ય અને વેદ્ય બ્રહ્મવિષયક વિદ્યાનું પ્રતિપાદન કરવામાં આવે છે. કયા અર્થના યોગને લીધે ઉપનિષદ શબ્દથી વિદ્યાનું કથન થાય છે તે બતાવે છે.

જે મુમુક્ષુઓ લૌકિક અને પારલૌકિક વિષયોથી વિરક્ત થઈ ઉપનિષદ શબ્દની વાચ્ય તેમ જ હવે પછી કહેવામાં આવનારાં લક્ષણોથી યુક્ત વિદ્યાની પાસે જઈને અર્થાત્ તેને પ્રાપ્ત કરીને તેની જ નિષ્ઠાથી નિશ્ચયપૂર્વક તેનું પરિશીલન કરે છે, તેમની અવિદ્યા વગેરે સંસારના બીજનું વિશરણ–હિંસન અર્થાત્ વિનાશ કરવાને લીધે આ અર્થના યોગથી જ 'ઉપનિષદ' શબ્દથી તે વિદ્યા કહેવાય છે. આ જ પ્રમાણે શ્રુતિ પણ આગળ કહેશે કે, 'તેને (આત્મતત્ત્વને) જાણીને પુરુષ મૃત્યુના મુખથી છૂટી જાય છે.'

અથવા અગાઉ કહેલાં વિશેષણોથી યુક્ત મુમુક્ષુઓને બ્રહ્મવિદ્યા પરબ્રહ્મ પાસે પહોંચાડે છે. આ પ્રમાણે બ્રહ્મની પાસે પહોંચાડનારી હોવાથી આ અર્થના યોગથી પણ બ્રહ્મવિદ્યા 'ઉપનિષદ' છે. આ જ વાત શ્રુતિ 'બ્રહ્મને પ્રાપ્ત થયેલો પુરુષ વિરજ (શુદ્ધ) અને વિમૃત્યુ (અમર) થઈ ગયો' આ વાક્યથી આગળ કહેશે પણ ખરી.

જે અગ્નિ ભૂઃ ભુવઃ વગેરે લોકોથી સિદ્ધ થયેલો છે, બ્રહ્માથી ઉત્પન્ન થયેલો છે અને સર્વનો જ્ઞાતા છે તે અગ્નિ સાથે સંબંધ રાખનારી વિદ્યા કે જે બીજા વરદાન તરીકે નચિકેતાએ યમ પાસે માગી છે ને જે વિદ્યા કે સ્વર્ગલોકરૂપ ફલપ્રાપ્તિના કારણરૂપથી અન્ય લોકોમાં વારંવાર પ્રાપ્ત થનારા ગર્ભવાસ, જન્મ અને વૃદ્ધાવસ્થા વગેરે ઉપદ્રવ સમૂહોનું અવસાદન કરનારી છે અર્થાત્ તેમને શિથિલ કરી નાખનારી છે એટલે કે પ્રસ્તુત ઉપદ્રવોનો અંત આણનારી છે; તેથી તે અગ્નિ વિદ્યા પણ 'સદ્' ધાતુના અર્થના યોગથી 'ઉપનિષદ' કહેવાય છે. 'સ્વર્ગલોકને પ્રાપ્ત કરનારા પુરુષો અમરત્વ પામે છે અર્થાત્ મરણને અધીન થતા નથી' એવું હવે પછી કહેવામાં આવશે (કઠ. ઉ. ૧-૧-૧૩ વગેરેથી કહેશે).

વળી અધ્યયન કરનારાઓ તો 'ઉપનિષદ' શબ્દથી ગ્રંથનો પણ ઉલ્લેખ કરે છે, જેમ કે, 'અમે ઉપનિષદ ભણીએ છીએ અથવા તો ભણાવીએ છીએ' વગેરે; તેથી શું સમજવું ?

શંકા ઉચિત છે; ભલેને એમ કહેવામાં આવે. એમ કહેવું પણ દોષયુક્ત નથી. સંસારના હેતુભૂત અવિદ્યા વગેરેના વિશરણ વગેરે જે 'સદ્' ધાતુના અર્થ છે તે કેવળ ગ્રંથમાં સંભવિત નથી; પરંતુ વિદ્યાના અર્થમાં સંભવી શકે છે. ગ્રંથ પણ વિદ્યાને માટે જ છે. તેથી 'ઉપનિષદ' શબ્દથી એ પ્રમાણે ભણીએ છીએ અથવા તો ભણાવીએ છીએ પણ કહી શકાય; જેમ કે (આયુષ્યની વૃદ્ધિ થવામાં ઉપયોગી હોવાને લીધે) ઘી, એ આયુષ્ય જ છે' (आयुर्वै घृतम्)

એમ કહેવામાં આવે છે. એટલા માટે 'ઉપનિષદ' શબ્દ વિદ્યામાં મુખ્ય વૃત્તિથી યોજાય છે અને ગ્રંથના અર્થમાં ગૌણવૃત્તિથી પ્રયુક્ત થાય છે.

આ પ્રમાણે 'ઉપનિષદ' શબ્દનું નિર્વચન અર્થાત્ નિરુક્તિ કરવાથી જ વિદ્યાનો વિશિષ્ટ અધિકારી કોણ છે તે કહેવામાં આવ્યું, તેમ જ વિદ્યાનું પ્રત્યગાત્મસ્વરૂપ પરબ્રહ્મરૂપ વિશિષ્ટ વિષય પણ કહી દેવામાં આવ્યો. એ જ પ્રમાણે આ ઉપનિષદની સંસારની આત્યંતિક નિવૃત્તિ અને બ્રહ્મપ્રાપ્તિરૂપ પ્રયોજન તથા એ પ્રકારના પ્રયોજનથી એનો (સાધ્ય-સાધનરૂપ) સંબંધ પણ બતાવી દીધો. માટે ઉપર કહેલી અધિકારી, વિષય, પ્રયોજન અને સંબંધવાળી વિદ્યાને હાથમાં રહેલા આંબળાની પેઠે પ્રકાશિત કરનારી હોવાથી આ કઠોપનિષદની વલ્લીઓ વિશિષ્ટ અધિકારી, વિષય, પ્રયોજન અને સંબંધવાળી છે તેથી અમે અમારી બુદ્ધિ પ્રમાણે તેમની વ્યાખ્યા કરીએ છીએ,

પહેલો અધ્યાય

પહેલી વલ્લી

વાજશ્રવસનું દાન

ॐ उशन्ह वै वाजश्रवसः सर्ववेदसं ददौ । तस्य ह नचिकेता नाम पुत्र आस ॥ १ ॥

अन्वय : ॐ=ॐ આ સચ્ચિદાનંદઘન પરમાત્માના નામનું સ્મરણ કરીને ઉપનિષદનો આરંભ કરે છે, ह वै=જાણીતું છે કે, उशन्=યજ્ઞનું ફળ ઇચ્છનારા, वाजश्रवसः=વાજશ્રવાના પુત્ર (ઉદ્દાલકે), सर्ववेदसम्=(વિશ્વજિત યજ્ઞમાં) પોતાનું બધું ધન, ददौ=(બ્રાહ્મણોને) આપી દીધું. तस्य=તેનો, नचिकेता=નચિકેતા, नाम ह=નામથી પ્રસિદ્ધઃ पुत्रः आस=(એક) પુત્ર હતો. ૧

मंत्रार्थ : આ વાત જાણીતી છે કે યજ્ઞફળની ઇચ્છા રાખનારા વાજશ્રવાના પુત્ર ઉદ્દાલકે (વિશ્વજિત યજ્ઞમાં) પોતાનું બધું ધન (બ્રાહ્મણોને) આપી દીધું. તેને નચિકેતા નામનો એક પ્રસિદ્ધ પુત્ર હતો. ૧

भाष्य : અહીં આ જે આખ્યાયિકા છે તે વિદ્યાની સ્તુતિ માટે છે उशन् એટલે કામનાવાળો. 'ह' અને 'वै' આ બે નિપાત અવ્યયો અગાઉ બની ગયેલા પ્રસંગનું સ્મરણ કરાવવા માટે વપરાયા છે. 'વાજ' એટલે અન્ન; તેનું દાન કરવાથી જેનો 'શ્રવ' અર્થાત્ યશ ફેલાયો હોય તે 'વાજશ્રવા' કહેવાય છે અથવા રૂઢિથી પણ તેનું આ નામ હોઈ શકે છે. તે વાજશ્રવાના પુત્ર વાજશ્રવસે, જેમાં સર્વસ્વ આપી દેવામાં આવે છે એવા 'વિશ્વજિત' યજ્ઞ વડે તેનું ફળ મેળવવાની ઇચ્છાથી યજ્ઞનું યજન કર્યું. તે યજ્ઞમાં તેણે સર્વવેદસ્

અર્થાત્ પોતાનું બધું ધન આપી દીધું. એવું કહેવાય છે કે તે યજમાનને નચિકેતા નામનો એક પુત્ર હતો. ૧

तꣳह कुमारꣳसन्तं दक्षिणासु नीयमानासु श्रद्धाविवेश सोऽमन्यत ॥ २ ॥

दक्षिणासु नीयमानासु=(જે વખતે બ્રાહ્મણોને) દક્ષિણાના રૂપમાં આપવા માટે (ગાયો) લાવવામાં આવી રહી હતી તે સમયે; कुमारम्=નાનો બાળક, सन्तम्=હોવા છતાંય, तम् ह=તે(નચિકેતા)માં, श्रद्धा=શ્રદ્ધા (આસ્તિક્ય બુદ્ધિ)નો, आविवेश=પ્રવેશ થયો (અને). सः=(તે ઘરડી ગાયોને જોઈને) તે, अमन्यत=વિચારવા લાગ્યો. ૨

જે વખતે દક્ષિણાઓ (દક્ષિણાસ્વરૂપ ગાયો) લાવવામાં આવી રહી હતી ત્યારે, તેનામાં—જોકે હજુ તે એક નાનો બાળક જ હતો—શ્રદ્ધા(આસ્તિક્ય બુદ્ધિ)નો પ્રવેશ થયો. તે વિચારવા લાગ્યો. ૨

भाष्य : જે કુમાર છે અર્થાત્ પ્રથમાવસ્થા એટલે બાલ્યાવસ્થામાં જ સ્થિત છે ને જેને સંતાનના ઉત્પાદનની શક્તિ પ્રાપ્ત થઈ નથી તે બાળક નચિકેતામાં શ્રદ્ધાનો એટલે પિતાનું ભલું કરવાની ઇચ્છાથી આસ્તિક્ય બુદ્ધિનો પ્રવેશ થયો. કયે વખતે તેનામાં આ બુદ્ધિ નીપજી ? એ વિષે કહે છે કે જ્યારે ઋત્વિજો અને સદસ્યોને આપવા માટે દક્ષિણા આપવામાં આવી રહી હતી; અર્થાત્ દક્ષિણા આપવા માટે ભાગ પાડીને ગાયો લાવવામાં આવી રહી હતી તે વખતે નચિકેતાએ શ્રદ્ધાયુક્ત થઈને વિચાર કર્યો. ૨

કઈ રીતે વિચાર કર્યો તે કહે છે :

નચિકેતાની શંકા

पीतोदका जग्धतृणा दुग्धदोहा निरिन्द्रियाः ।
अनन्दा नाम ते लोकास्तान्स गच्छति ता ददत् ॥ ३ ॥

पीतोदकाः=જેઓ (છેલ્લી વાર) પાણી પી ચૂકી છે, **जग्धतृणाः**=જેઓ (છેલ્લી વાર) ઘાસ ખાઈ ચૂકી છે. **दुग्धदोहाः**=જેમનું દૂધ (છેલ્લી વાર) દોહવાઈ ચૂક્યું છે, **निरिन्द्रियाः**=જેમની ઇંદ્રિયોની શક્તિ હણાઈ ચૂકી છે, **ताः**=એવી તે (નકામી, મરવા પડેલી) ગાયોને, **ददत्**=આપનારો, **सः**=તે દાતા (તો), **ते लोकाः**=તે (ભૂંડ અને કૂતરા વગેરેની નીચ યોનિઓ અને નરક વગેરે) લોક, **अनन्दाः**=જે સર્વ પ્રકારનાં સુખોથી રહિત, **नाम**=પ્રસિદ્ધ છે, **तान्**=તેમને, **गच्छति**=પામે છે (માટે પિતાને સાવધ કરવા જોઈએ.) ૩

જે ગાયો છેલ્લીવાર પાણી પી ચૂકી છે (ને હવે વધુ પાણી પી શકે તેવી હાલતમાં નથી); જેમણે છેલ્લી વારનું ઘાસ પણ ખાઈ લીધું છે (ને ઘરડી થઈ ગયેલી હોવાથી દાંત અને દાઢો પડી ગયાં છે તેથી ચાવવાની શક્તિ નષ્ટ થઈ ગયેલી છે એથી ઘાસ ખાઈ શકે તેમ નથી); અને (ઘડપણને લીધે) ઇંદ્રિયોની શક્તિ હણાઈ જવાથી પ્રજનનકાર્યનો અભાવ થઈ ગયો છે એવી ગાયોનું દાન કરવાથી તેમનો દાતા અનંદ(આનંદરહિત)લોકને પામે છે ને ભૂંડ તેમ જ કૂતરાં વગેરેની યોનિઓમાં જન્મે છે તથા નરકગામી થાય છે; તેથી મારે (નચિકેતાએ) મારા પિતા વાજશ્રવસ–ઉદ્દાલક આવું નિંદનીય કામ કરતા અટકે તે માટે તેમને ચેતાવવા જોઈએ. ૩

ભાષ્ય : દક્ષિણા માટે લાવવામાં આવેલી ગાયોનું વિશેષણ દર્શાવે છે : જેમણે પાણી પી લીધું છે તે 'પીતોદકા' કહેવાય; જેઓ ઘાસ ખાઈ ચૂકી છે (અર્થાત્ જેમનામાં બીજું વધુ ઘાસ ખાવાની શક્તિ રહી નથી) તે 'જગ્ધતૃણા' છે; જેમનું દૂધ અર્થાત્ ક્ષીર દોહવાઈ ચૂક્યું છે તે 'દુગ્ધદોહા' છે તથા 'નિરિન્દ્રિયાઃ' એટલે

જે સંતાન ઉત્પન્ન કરવામાં અસમર્થ અર્થાત્ ઘરડી થઈ ગઈ છે ને વસૂકી ગઈ છે એવી ગાયોની દક્ષિણામાં આપવાની બુદ્ધિથી આપનારો યજમાન અનંદ અર્થાત્ સુખ અને આનંદથી રહિત લોકોમાં જાય છે.

પિતા–પુત્ર સંવાદ

स होवाच पितरं तत कस्मै मां दास्यसीति ।
द्वितीयं तृतीयं तꣳहोवाच मृत्यवे त्वा ददामीति ॥ ४॥

सः ह=તે આવો વિચાર કરીને, पितरम्=પોતાના પિતા પ્રતિ, उवाच=બોલ્યો કે, तत (तात)=હે વહાલા પિતાજી! તમે, माम्=મને, कस्मै=કોને, दास्यसि इति=આપશો? (ઉત્તર ન મળવાથી તેણે તે જ વાત) द्वितीयम्=બીજી વાર, तृतीयम्=ત્રીજી વાર (કહી), तम् ह=(એટલે પિતાએ) તેને, उवाच=(ક્રોધપૂર્વક આ પ્રમાણે) કહ્યું, त्वा=તને (હું) मृत्यवे=મૃત્યુને (યમરાજને) ददामि इति=આપું છું. ૪

તે હવે પોતાના પિતા પ્રતિ બોલ્યો: 'હે તાત! મને તમે કોને આપશો?' આ પ્રમાણે તેણે બેત્રણ વાર પૂછ્યું તેથી પિતાએ તેને કહ્યું, 'હું તને મૃત્યુને આપીશ.' ૪

ભાષ્ય : આ પ્રમાણે કરવાથી યજ્ઞ પૂર્ણ નહિ થાય તેથી પિતાને પ્રાપ્ત થનારું અનિષ્ટ ફળ હું પુત્ર વિદ્યમાન છું તો મારે આત્મ-બલિદાન–આપીને પણ તે અનિષ્ટ ફળ નિવારવું જોઈએ. એમ માનીને તે પિતાની પાસે જઈને કહેવા લાગ્યો, 'હે તાત! આપ મને ક્યા ખાસ ઋત્વિજને દક્ષિણામાં આપશો?' આમ કહ્યાથી પિતાએ વારંવાર ઉવેખ્યા છતાં પણ તેણે બીજી ને ત્રીજી વાર પણ 'મને કોને આપશો? મને કોને આપશો?' આમ કહ્યું; એટલે પિતાએ વિચાર કર્યો કે, આ બાળકોના જેવા સ્વભાવવાળો નથી તેથી ખિજાઈને તેણે પુત્રને કહ્યું, 'તને હું વૈવસ્વતને અર્થાત્ સૂર્યના પુત્ર યમરાજને એટલે કે મૃત્યુને આપું છું.' ૪

પિતાએ આ પ્રમાણે કહેવાથી તે પુત્ર એકાંતમાં અનુતાપ કરવા લાગ્યો. કઈ રીતે, તે કહે છે:

बहूनामेमि प्रथमो बहूनामेमि मध्यमः ।
किंस्विद्यमस्य कर्तव्यं यन्मयाद्य करिष्यति ॥ ५ ॥

बहूनाम्=હું ઘણા શિષ્યોમાં તો, प्रथमः=પહેલી પંક્તિના આચરણ પર, एमि=ચાલતો આવ્યો છું (અને) बहूनाम्=ઘણાઓમાં, मध्यमः= મધ્યમ શ્રેણીના આચરણ પર, एमि=ચાલું છું (ક્યારેય હલકી કોટિનું આચરણ મેં કર્યું નથી, તો પછી પિતાજીએ એમ શાથી કહ્યું ?) यमस्य=યમનું, किम् स्वित् कर्तव्यम्=એવું કયું કામ હોઈ શકે છે, यत् अद्य=જે આજે, मया=મારા વડે (મને આપીને), करिष्यति=(પિતાજી) પૂર્ણ કરશે.

હું ઘણા(શિષ્યો કે પુત્રો)માં તો પ્રથમ (મુખ્ય-વૃત્તિથી) ચાલું છું ને ઘણાઓમાં મધ્યમ (મધ્યમ વૃત્તિથી) જાઉં છું. યમનું એવું તો કયું કાર્ય છે જે પિતા આજે મારી મારફત સિદ્ધ કરશે? ૫

भाष्य : હું ઘણા શિષ્ય અથવા પુત્રોમાં તો પ્રથમ અર્થાત્ આગળ રહીને મુખ્ય શિષ્ય વગેરેની વૃત્તિથી ચાલું છું તથા બીજા ઘણા મધ્યમ શિષ્યો વગેરેમાં મધ્યમ રહીને મધ્યમ વૃત્તિથી વર્તું છું હલકી વૃત્તિથી હું ક્યારેય રહેતો નથી. એવા વિશિષ્ટ ગુણોથી યુક્ત પુત્રને પણ પિતાએ 'હું તને મૃત્યુને આપું છું' એમ કહ્યું; પરંતુ યમનું એવું તે કયું કર્તવ્ય-પ્રયોજન છે કે જે એમને પૂર્ણ કરવાનું છે, જેને તેઓ આ પ્રમાણે અપાયેલા મારા વડે સિદ્ધ કરશે? પરેખર કોઈ પણ પ્રયોજનની અપેક્ષા રાખ્યા વિના જ પિતાજીએ ક્રોધના આવેશમાં આમ કહ્યું છે; તોપણ 'પિતાજીનું' વચન મિથ્યા ન થાય એવો વિચાર કરીને, 'મેં શું કહી નાખ્યું?' એવા વિચારથી

શોકાતુર થઈ રહેલા પોતાના પિતાને, ખેદપૂર્વક કહેવા લાગ્યો. ૫

अनुपश्य यथा पूर्वे प्रतिपश्य तथाऽपरे।
सस्यमिव मर्त्यः पच्यते सस्यमिवाजायते पुनः ॥ ६ ॥

पूर्वे=આપના પિતામહ વગેરે પૂર્વજો, यथा=જે પ્રકારનું આચરણ કરતા આવ્યા છે, अनुपश्य=તેના પર વિચાર કરો (અને), अपरे= (વર્તમાનમાં પણ) બીજા શ્રેષ્ઠ લોકો, (यथा=જેવું આચરણ કરી રહ્યા છે;) तथा प्रतिपश्य=તે ઉપર પણ નજર નાખી જુઓ (ત્યાર પછી આપ આપના કર્તવ્યનો નિશ્ચય કરજો); मर्त्यः=(આ) મરણધર્મા મનુષ્ય, सस्यम् इव=અનાજની પેઠે, पच्यते=રંધાય છે અર્થાત્ જરાજીર્ણ થઈને એટલે ઘડપણથી ઘસાઈ-પિસાઈને મરી જાય છે, (તેમ જ) सस्यम् इव=અનાજની પેઠે જ, पुनः=ફરીથી, आजायते=ઊગી નીકળે છે અર્થાત્ ઉત્પન્ન થાય છે. ૬

હે પિતાજી! આપણા પૂર્વજોનું આચરણ જુઓ ને આ સમયના બીજા શ્રેષ્ઠ પુરુષોનું આચરણ જુઓ. તેમના આચરણમાં પહેલાં ક્યારેય અસત્ય ન હતું ને અત્યારે પણ નથી. ખરાબ માણસો જ અસત્યનું આચરણ કરતા હોય છે, પણ એ અસત્યને આચરવાથી કોઈ અજરઅમર થઈ શકતું નથી. માણસ મરણધર્મા છે. એ અનાજની પેઠે રંધાઈને અર્થાત્ ઘડપણથી ઘસાઈ-પિસાઈને મરે છે ને અનાજની પેઠે જ ફરીથી પ્રારબ્ધકર્મને લીધે જન્મે છે. ૬

ભાષ્ય : આપણા પિતા-પિતામહ વગેરે પૂર્વજો અનુક્રમે જે પ્રમાણે આચરણ કરતા આવ્યા છે તેમના તરફ જુઓ; એમને જોઈને તમારે એમના જ આચરણનું પાલન કરવું જોઈએ. એ જ પ્રમાણે વર્તમાન યુગના બીજા જે સાધુ પુરુષો આચરણ કરે છે તેમના [illegible] પણ નજર નાખી જુઓ. તેમનામાંના કોઈનું પણ આચરણ

ખરાબ માણસો અર્થાત્ અસાધુ પુરુષોનું આચરણ
મિથ્યા કરીને કોઈ પણ માણસ અજર ને અમર
કારણ કે માણસ મરણધર્મા છે તેથી તે અનાજની
જીર્ણ થયા પછી મરી જાય છે; ને મરણ પછી
જની પેઠે ફરીથી પેદા થાય છે. આ પ્રમાણે આ
ાં અસત્ય આચરણથી ભલા કયો લાભ છે?
આચરણથી કશો જ લાભ નથી એટલા માટે તમે
પાલન કરો (અર્થાત્ બોલ્યા છો એ પ્રમાણે વર્તો)
પાસે મોકલી દો! ૬

યમલોકમાં નચિકેતા

विशत्यतिथिर्ब्राह्मणो गृहान् ।
न्ति कुर्वन्ति हर वैवस्वतोदकम् ॥ ७ ॥

સૂર્યપુત્ર (યમરાજ), वैश्वानरः=(પોતે) અગ્નિ (જ),
=બ્રાહ્મણ અતિથિના રૂપમાં, गृहान्=(ગૃહસ્થનાં)
પધારે છે; तस्य=તેની, (સારા માણસો) एताम्=
ી એટલે કે અર્ધ્ય–પાદ્ય–આસન વગેરેથી) शान्तिम्=
રતા હોય છે; (એટલા માટે તમે) उदकम् हर=
માટે) જલ લઈ આવો. ૭

અતિથિ થઈને અગ્નિરૂપે જ ઘરમાં પ્રવેશ
પુરુષો) તે અતિથિની આ પ્રમાણે (અર્ધ્ય,
રેથી) શાંતિ કરતા હોય છે; એટલા માટે
આ બ્રાહ્મણ અતિથિની શાંતિ માટે) જલ
વો. ૭

ભાષ્ય : પુત્રે આ પ્રમાણે કહેવાથી પિતાએ પોતાનાં વચનોની સત્યતા પુરવાર કરવા માટે બાળક નચિકેતાને યમરાજની પાસે મોકલી આપ્યો. તે યમરાજના ધામમાં પહોંચી ત્રણ રાત સુધી ત્યાં રહ્યો; કારણ કે એવામાં યમરાજ ક્યાંક બહાર ગયેલા હતા. પ્રવાસેથી પાછા ફર્યા પછી યમરાજનાં પત્ની તેમ જ તેમના પ્રધાનોએ તેમને વિનતિપૂર્વક સમજાવતાં કહ્યું કે, બ્રાહ્મણ અતિથિ થઈને પ્રત્યક્ષ વૈશ્વાનર અર્થાત્ અગ્નિના રૂપમાં દઝાડતો હોય તેમ ઘરમાં પ્રવેશે છે. તે અગ્નિના દાહને શમાવવા માટે જ જાણે ન હોય તેમ, સાધુ પુરુષો–ગૃહસ્થજન આ અર્ઘ્ય–પાદ્ય વગેરે દાનરૂપ શાંતિકર્મ કરતા હોય છે. એટલા માટે હે વૈવસ્વત ! નચિકેતાને અર્ઘ્ય આપવા માટે તેમ જ પાદપ્રક્ષાલન માટે જલ લઈ આવો; કારણ કે એમ ન કરવામાં આવે તો હાનિ થાય છે, એમ સાંભળ્યું છે. ૭

आशाप्रतीक्षे सङ्गतꣳसूनृतां च इष्टापूर्ते पुत्रपशूꣳश्च सर्वान् ।
एतद्वृङ्क्ते पुरुषस्याल्पमेधसो यस्यानश्नन्वसति ब्राह्मणो गृहे ॥८

यस्य=જેના, गृहे=ઘરમાં, ब्राह्मणः=બ્રાહ્મણ અતિથિ, अनश्नन्=ખાધા વિના, वसति=રહે છે; (तस्य=તેનાં) अल्पमेधसः=ઓછી બુદ્ધિનાં, पुरुषस्य=માણસનાં, आशाप्रतीक्षे=નાના પ્રકારની આશા અને પ્રતીક્ષા, सङ्गतम्=તે પૂરા પડવાથી થનારાં સર્વ પ્રકારનાં સુખ, सूनृताम् च=સારી વાણીનાં ફળ તેમ જ, इष्टापूर्ते च=યજ્ઞ, દાન વગેરે શુભ કર્મોનાં તેમ જ કૂવો, બાગ–બગીચાને તળાવ વગેરે બનાવડાવ્યાનાં ફળ, તથા सर्वान् पुत्रपशून्=સઘળાં પુત્ર અને પશુઓને, एतद् वृङ्क्ते=આ બધાંનો (તે) નાશ કરી નાખે છે. ૮

જેના ઘરમાં બ્રાહ્મણ–અતિથિ ભોજન કર્યા વિના રહે છે, તે મંદબુદ્ધિ માણસની આશા અને પ્રતીક્ષા અર્થાત્ પોતાને મળવા જોઈએ એવા જ્ઞાત પદાર્થોની ઇચ્છાઓ,

તેમના સંયોગથી પ્રાપ્ત થનારાં ફળ, પ્રિય વાણીથી મળનારાં ફળ તેમ જ યાગાદિ ઇષ્ટ કર્મો અને કૂવો, બાગ–બગીચા, ધર્મશાળા બંધાવવી વગેરે પૂર્ત કર્મોનાં ફળ તથા સર્વ પુત્ર ને પશુ વગેરેનો નાશ કરી નાખે છે. ૮

ભાષ્ય : જેના ઘરમાં બ્રાહ્મણ ભોજન કર્યા વિના રહે છે તે મંદમતિ માણસનાં 'આશા–પ્રતીક્ષા'–આશા એટલે જેના મળવાની કંઈ ખબર નથી એવા મેળવવા માટેના ઇષ્ટ પદાર્થોની ઇચ્છા અને પ્રતીક્ષા એટલે પોતાને મળવા જોઈએ એવા જ્ઞાત પદાર્થોની પ્રતીક્ષા અને સંગત એટલે તેમના સંયોગથી પ્રાપ્ત થનારાં ફળ, સુનૃતા એટલે મધુર અને પ્રિયવાણીથી મળનારાં ફળ. 'ઇષ્ટાપૂર્ત' અર્થાત્ ઇષ્ટ એટલે યજ્ઞયાગાદિથી પ્રાપ્ત થનારાં ફળ અને પૂર્ત એટલે કૂવો ખોદાવવો, બાગબગીચા તેમ જ ધર્મશાળા વગેરે બનાવડાવવાથી થનારાં ફળ તથા પુત્ર અને પશુ વગેરે આ બધાંનો તે નાશ કરે છે. એટલા માટે અતિથિ પ્રત્યે ક્યારેય બેદરકારી સેવવી નહીં તેમ જ તેની ઉપેક્ષા પણ કરવી નહીં (અર્થાત્ અતિથિ–અભ્યાગતનો સર્વ રીતે સારી પેઠે આદરસત્કાર કરીને તેને જમાડી પ્રસન્ન કરી તેમની સદ્ભાવના મેળવવી). ૮

યમરાજનું વરપ્રદાન

तिस्रो रात्रीर्यदवात्सीर्गृहे मे अनश्नन्ब्रह्मन्नतिथिर्नमस्यः ।
नमस्तेऽस्तु ब्रह्मन्स्वस्ति मेऽस्तु तस्मात्प्रति त्रीन्वरान्वृणीष्व ॥९॥

ब्रह्मन्=હે બ્રાહ્મણદેવતા, नमस्यः अतिथिः=આપ નમસ્કાર કરવા યોગ અતિથિ છો. ते=તમને, नमः अस्तु=નમસ્કાર હો; ब्रह्मन्=હે બ્રાહ્મણ ! मे स्वस्ति अस्तु=મારું કલ્યાણ થાઓ; यत्=જે (તમે) तिस्रः रात्रीः=ત્રણ રાત સુધી, मे=મારા, गृहे=ઘરે, अनश्नन्=ભોજન કર્યા વિના, अवात्सीः=રહ્યા છો, तस्मात्=તેથી (તમે મારી પાસે) प्रति=દરેક

રાત્રિના બદલામાં (એક એક કરી), त्रीन् वरान्=ત્રણ વરદાન, वृणीष्व=માગી લો. ૯

હે બ્રહ્મન્! તમને નમસ્કાર હો; મારું કલ્યાણ થાઓ. તમે નમસ્કાર યોગ્ય અતિથિ હોઈ ને પણ મારા ઘરમાં ત્રણ રાત સુધી જમ્યા વિનાના રહ્યા તેથી દરેક રાત્રિના બદલામાં એક એક કરી ત્રણ વરદાન મારી પાસેથી માગી લો. ૯

ભાષ્ય: (મંત્રીઓએ) આ પ્રમાણે કહ્યાથી યમરાજ નચિકેતાની પાસે ગયા ને તેનું પૂજન કર્યા પછી તેમણે તેને કહ્યું: 'હે બ્રાહ્મણદેવતા! તમે અતિથિ છો અને નમસ્કાર યોગ્ય છો, છતાંય તમે ત્રણ રાત સુધી કંઈ પણ ખાધા વિના મારા ઘેર રહ્યા છો તેથી તમને નમસ્કાર છે. અને હે બ્રહ્મન્! એથી થયેલા દોષને લીધે મને પ્રાપ્ત થયેલ અનિષ્ટ ફળની શાંતિ થઈને મારું કલ્યાણ થાઓ. જોકે તમારી કૃપાથી જ સર્વ રીતે મારું કલ્યાણ થશે; તોપણ તમે મારા પર વધારે પ્રસન્ન થાઓ એટલા માટે તેમ જ તમોએ ભોજન કર્યા વિના ગાળેલી દરેક રાત્રિના બદલામાં મારી પાસેથી ત્રણ વર-તમોને ગમે તે ત્રણ કામનાઓ પૂરી થવા માટે-માગી લો. ૯

પ્રથમ વર—પિતૃપરિતોષ

शान्तसङ्कल्पः सुमना यथा स्याद्वीतमन्युर्गौतमो माभि मृत्यो।
त्वत्प्रसृष्टं माभिवदेत्प्रतीत एतत्त्रयाणां प्रथमं वरं वृणे॥१०॥

मृत्यो=હે મૃત્યુદેવ! यथा=જે રીતે, गौतमः=ગૌતમવંશમાં ઉત્પન્ન થયેલા (મારા પિતા) ઉદ્દાલક, मा अभि=મારા પ્રતિ, शान्तसङ्कल्पः=શાંત સંકલ્પવાળા, सुमनाः=પ્રસન્નચિત્ત, (અને) वीतमन्युः=ક્રોધ તેમ જ ખેદરહિત, स्यात्=થાય, (ને) त्वत्प्रसृष्टम्=તમે મોકલેલો હું તેમની પાસે જાઉં ત્યારે, मा प्रतीतः=તેઓ મારા પર વિશ્વાસ કરી (આ તે જ

મારો પુત્ર નચિકેતા છે, એવો ભાવ રાખી), अभिवदेत्=મારી સાથે વાત્સલ્યપૂર્વક વાતચીત કરે; एतत्=આ, (હું) त्रयाणाम्=મારાં ત્રણ વરદાનમાંથી, प्रथमं वरम्=પહેલું વરદાન, वृणे=માગું છું. ૧૦

હે મૃત્યુદેવ ! જે રીતે મારા પિતા વાજશ્રવસ ઉદ્દાલક મારા પ્રત્યે શાંત સંકલ્પવાળા, પ્રસન્નચિત્ત તેમ જ ક્રોધ ને ખેદરહિત થાય ને આપ જ્યારે મને મારે ઘેર પાછો મોકલો ત્યારે મને તેઓ ઓળખે ને મારા પર વિશ્વાસ રાખી વહાલથી મારી સાથે વાતચીત કરે (તેવું આપે આપવા ધારેલાં) ત્રણ વરદાનોમાંથી આ પહેલું વરદાન હું માગું છું.

ભાષ્ય : નચિકેતાએ કહ્યું : જો આપ વરદાન આપવા ઇચ્છતા હો તો મારા પિતા ગૌતમ મારા પ્રતિ જે રીતે શાંતસંકલ્પ અર્થાત્ જેમનો 'શી ખબર મારો પુત્ર યમરાજ પાસે જઈ શું કરશે !'—આવો સંકલ્પ શાંત થઈ ગયો છે તેવા, सुमनाः એટલે પ્રસન્ન ચિત્તવાળા ને ક્રોધરહિત થઈ જાઓ; અને હે મૃત્યો ! આપ મને ઘેર પાછો મોકલો ત્યારે મારા પર વિશ્વાસ રાખીને તથા 'આ મારો તે જ પુત્ર મારી પાસે પાછો ફર્યો છે' આવું જાણીને મારી સાથે વાતચીત કરે તેવું તથા ત્રણ વરદાનોમાંથી આ મારા પિતાની પ્રસન્નતારૂપ ને તેમનો પરિતોષ થાય એવા પ્રયોજનવાળું પહેલું વરદાન હું માગું છું. ૧૦

यथा पुरस्ताद्भविता प्रतीत औद्दालकिरारुणिर्मत्प्रसृष्टः ।
सुखं रात्रीः शयिता वीतमन्युस्त्वां ददृशिवान्मृत्युमुखात्प्रमुक्तम् ॥

त्वाम्=તમને, मृत्युमुखात्=મૃત્યુના મુખમાંથી, प्रमुक्तम्=છૂટા થયેલા, ददृशिवान्=જોઈને, मत्प्रसृष्टः=મારાથી પ્રેરાઈને, आरुणिः=(તમારા પિતા) અરુણ-પુત્ર, औद्दालकिः=ઉદ્દાલક, यथापुरस्तात=પહેલાંની પેઠે જ, प्रतीतः= આ મારો પુત્ર નચિકેતા જ છે એવો વિશ્વાસ કરીને, वीतमन्युः=દુઃખ અને ક્રોધથી રહિત, भविता=થઈ જશે; रात्रीः–(અને તેઓ પોતાના જીવનમાંની બાકીની) રાત્રિઓમાં, सुखम्=સુખપૂર્વક, शयिता=ઊંઘશે. ૧૧

તમને મૃત્યુના મુખમાંથી પાછા ફરેલા જોઈને મારી પ્રેરણાથી તમારા પિતા અરુણપુત્ર ઉદ્દાલક ઘણા ખુશ થશે. તમને પોતાના પુત્રરૂપે ઓળખીને તમને પહેલાંની પેઠે જ વહાલ કરશે ને તેમનાં ક્રોધ અને દુઃખ શાંત થઈ જશે. તમને પાછા મેળવીને તેઓ જીવનભર સુખથી ઊંઘશે. ૧૧

ભાષ્ય : મૃત્યુએ કહ્યું : તમારા પિતાની બુદ્ધિ જે પ્રમાણે તમારા પ્રત્યે વહાલભરી હતી તે જ પ્રમાણે તે ઔદ્દાલકિ હજુ પણ વહાલભર્યા થઈ તમારા પ્રતિ વિશ્વાસ ધરાવતા થશે. અહીં ઉદ્દાલકને જ 'ઔદ્દાલકિ' કહ્યા છે તેમ જ અરુણના પુત્ર હોવાથી તે આરુણિ છે; અથવા તો તે દ્વ્યામુષ્યાયણ× હોવાનું પણ સંભવી શકે. मत्प्रसृष्टः એટલે મારાથી આજ્ઞા પામી અર્થાત્ પ્રેરાઈને તે (જીવનની) બાકીની રાત્રિઓમાં સુખપૂર્વક એટલે પ્રસન્નચિત્તથી ઊંઘશે ને તમને મૃત્યુના મુખમાંથી અર્થાત્ મૃત્યુના અધિકારથી મુક્ત થયેલા જોઈને વીતમન્યુ એટલે ક્રોધરહિત થઈ જશે. ૧૧

સ્વર્ગસ્વરૂપ પ્રદર્શન

स्वर्गे लोके न भयं किञ्चनास्ति न तत्र त्वं न जरया बिभेति ।
उभे तीर्त्वाशनायापिपासे शोकातिगो मोदते स्वर्गलोके ॥ १२ ॥

स्वर्गे लोके=સ્વર્ગલોકમાંમાં, किंचन भयम्=જરાક જેટલો પણ ભય,

× બે પિતાઓના સંકેતથી જે એક પુત્રને પોતાનો ઉત્તરાધિકાર અર્થાત્ વારસદાર નીમવામાં આવે છે, તે પુત્ર દ્વ્યામુષ્યાયણ કહેવાય છે તે એકલો જ બંને પિતાઓની મિલકતનો ધણી ને તેમને પિંડદાન કરવાનો અધિકારી થાય છે જેવી રીતે પુત્રરૂપે સ્વીકારેલો દીકરાનો દીકરો અથવા ખોળે લીધેલો બીજો દત્તકપુત્ર વગેરે હોય છે તે પુત્ર. એટલા માટે એકલા વાજશ્રવસને જ ઔદ્દાલક અને આરુણિ કહેવામાં આવે છે; તેથી બનવાજોગ છે કે તે ઉદ્દાલક અને અરુણ બંને પિતાઓના અધિકારી અર્થાત્ વારસદાર હોય.

न अस्ति=નથી, तत्र त्वम् न=ત્યાં મૃત્યુરૂપ આપ પોતે પણ નથી; जरया न बिभेति=ત્યાં કોઈ ઘડપણથી પણ બીતું નથી; स्वर्गलोके=સ્વર્ગ-લોકમાં રહેનારા, अशनायापिपासे=ભૂખ અને તરસ, उभे तीर्त्वा=આ બંનેથી તરી જઈને; शोकातिगः=દુઃખોથી દૂર રહી, मोदते=આનંદ ભોગવે છે. ૧૨

હે મૃત્યુદેવ ! સ્વર્ગલોકમાં કશો પણ ભય નથી; ત્યાં આપનું પણ કંઈ ચાલતું નથી; ત્યાં કોઈ ઘડપણથી બીતું નથી. સ્વર્ગલોકમાં વસનારો પુરુષ ભૂખ–તરસ બંનેને તરી જઈ શોકને ઓળંગી જઈને આનંદ ભોગવે છે. ૧૨

भाष्य : નચિકેતા બોલ્યો : સ્વર્ગલોકમાં રોગ વગેરેને લીધે થનારો ભય જરા પણ નથી. હે મૃત્યો ! ત્યાં આપનું કંઈ જ વળતું નથી. એટલા માટે આ લોકમાં માણસો ઘરડા થાય છે તેમ ત્યાં કોઈ પણ ઘરડું થતું નથી તેથી આપનાથી કોઈ ત્યાં બીતું નથી. ભૂખ ને તરસ બંનેને પાર કરી તે પુરુષ શોકને તરી જાય છે ને માનસિક દુઃખથી છુટકારો પામી તે દિવ્ય સ્વર્ગલોકમાં આનંદ પામે છે. ૧૨

બીજું વરદાન—સ્વર્ગના સાધનરૂપ અગ્નિવિદ્યા

स त्वमग्निँ स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि त्वँ श्रद्दधानाय मह्यम् ।
स्वर्गलोका अमृतत्वं भजन्त एतद्द्वितीयेन वृणे वरेण ॥ १३ ॥

मृत्यो= હે મૃત્યુદેવ ! सः त्वम्=તે આપ; स्वर्ग्यम् अग्निम्=ઉપર્યુક્ત સ્વર્ગપ્રાપ્તિના સાધનરૂપ અગ્નિને, अध्येषि=જાણો છો; (તેથી) त्वम्=આપ, मह्यम्=મને, श्रद्दधानाय=શ્રદ્ધાળુને (તે અગ્નિવિદ્યા), प्रब्रूहि=સારી રીતે સમજાવીને કહો; स्वर्गलोकाः=સ્વર્ગમાં રહેનારા, अमृतत्वम्=અમરત્વને, भजन्ते=પામે છે (તેથી) एतत्=આ, द्वितीयेन वरेण=બીજા વરદાનરૂપે; वृणे=(હું) માગું છું. ૧૩

હે મૃત્યો ! આપ સ્વર્ગના સાધનરૂપ અગ્નિને જાણો

છો, તો તે શ્રદ્ધાળુ એવા મને તેનું વર્ણન કરી તેનું માહાત્મ્ય કહી સંભળાવો (કે જેનાથી) સ્વર્ગને પ્રાપ્ત થયેલા પુરુષો અમૃતત્વને પ્રાપ્ત કરે છે. બીજા વરદાનથી (સ્વર્ગના સાધનરૂપ એ અગ્નિવિદ્યાને) હું માગું છું. ૧૩

ભાષ્ય : હે મૃત્યો ! આપ એવા ગુણવાળા સ્વર્ગપ્રાપ્તિના સાધનરૂપ અગ્નિને જાણો છો તેથી સ્વર્ગના અભિલાષી એવા મને તે કહો કે જે અગ્નિના ચયનથી-સંસ્કારથી-સ્વર્ગને પામેલા પુરુષો અર્થાત્ સ્વર્ગ જ જેમનો લોક છે એવા યજમાન-ગુણ અમૃતત્વ-અમરતા અર્થાત્ દેવપણાને પામે છે. બીજા વરદાનથી હું આ અગ્નિ-વિજ્ઞાન માગું છું. ૧૩

એ સાંભળી યમરાજા કહે છે:

प्र ते ब्रवीमि तदु मे निबोध स्वर्ग्यमग्निं नचिकेतः प्रजानन् ।
अनन्तलोकाप्तिमथो प्रतिष्ठां विद्धि त्वमेतं निहितं गुहायाम् ॥१४

नचिकेतः=હે નચિકેતા ! स्वर्ग्यम् अग्निम्=સ્વર્ગ આપનારી અગ્નિ-વિદ્યાને; प्रजानन्=સારી રીતે જાણનારો હું, ते प्रब्रवीमि= તમને સારી રીતે કહી બતાવું છું; तत् उ मे निबोध=તેને (તમે) મારી પાસેથી સારી રીતે સમજી લો; त्वम् एतम्=તમે આ અગ્નિ(વિદ્યા)ને, अनन्तलोकाप्तिम्=અવિનાશી લોકની પ્રાપ્તિ કરાવનારી, प्रतिष्ठाम्=તેના આધારસ્વરૂપ, अथो=અને, गुहायाम् निहितम्=બુદ્ધિરૂપ ગુફામાં છુપાયેલી, विद्धि=જાણો. ૧૪

હે નચિકેતા ! સ્વર્ગ આપનારા તે અગ્નિને સારી રીતે જાણનારો હું તને ઉપદેશ કરું છું, તે મારી પાસેથી તું સારી રીતે સમજી લે. એ અગ્નિને તું અનંતલોકની પ્રાપ્તિ કરાવનાર, તેના આધારરૂપ અને બુદ્ધિરૂપી ગુહામાં રહેલો જાણ. ૧૪

ભાષ્ય : આ મૃત્યુની પ્રતિજ્ઞા છે. હે નચિકેતા ! જેના માટે તેં

પ્રાર્થના કરી હતી તે સ્વર્ગ્ય–સ્વર્ગની પ્રાપ્તિ થવામાં હિતકારક અર્થાત્ સ્વર્ગના સાધનરૂપ અગ્નિને તું એકાગ્રચિત્ત થઈ મારી વાણીથી સારી પેઠે જાણી લે. તેને સારી રીતે જાણનારો–તેનો વિશેષજ્ઞ હું તારા પ્રતિ તેનું વર્ણન કરું છું. 'હું કહું છું' 'તું તેને જાણી લે!' આ વાક્યો શિષ્યની બુદ્ધિનું સમાધાન કરવાને માટે છે. હવે એ અગ્નિની સ્તુતિ કરે છે. સ્વર્ગલોકરૂપ ફળની પ્રાપ્તિ સાધન તથા વિરાટરૂપથી તે અગ્નિ જગતનો આશ્રય છે. મેં કહેલા આ અગ્નિને તું બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિમાં રહેલો હોવાનું જાણ. ૧૪

लोकादिमग्निं तमुवाच तस्मै या इष्टका यावतीर्वा यथा वा।
स चापि तत्प्रत्यवदद्यथोक्तमथास्य मृत्युः पुनरेवाह तुष्टः ॥१५॥

तम् लोकादिम्=તે સ્વર્ગલોકના હેતુરૂપ, अग्निम्=અગ્નિવિદ્યાનો, तस्मै उवाच=તેને (નચિકેતાને) ઉપદેશ આપ્યો, या वा यावतीः=તેમાં કુંડ વગેરે બનાવવા માટે જે જે ને જેટલી, इष्टकाः=ઈંટ વગેરેની આવશ્યકતા હોય છે, वा यथा=ને જે રીતે તેનું ચયન કરવામાં આવે છે–તેને ગોઠવવામાં આવે છે (તે સર્વ વાતો પણ બતાવવામાં આવી), च सः अपि=ને તે નચિકેતાએ પણ तत् यथोक्तम्=તે (ઉપદેશ) જેવી રીતે સાંભળ્યો હતો, બરાબર તેવી જ રીતે સમજીને, प्रत्यवदत्=યમરાજને કહી સંભળાવ્યો. अथ=ત્યાર પછી, मृत्युः अस्य तुष्टः=યમરાજ તેના પર સંતુષ્ટ થઈને, पुनः एव आह=ફરીથી બોલ્યા. ૧૫

એટલે યમરાજે સ્વર્ગાદિ લોકોના આદિ કારણરૂપ તે અગ્નિનું તથા તેનું ચયન–સંસ્કાર કરવામાં જેવી અને જેટલી ઈંટોની આવશ્યકતા હોય છે ને જે રીતે તેનું ચયન કરવામાં આવે છે તે સર્વનું વર્ણન નચિકેતા આગળ કર્યું; ને નચિકેતાએ પણ બરાબર તેવી જ રીતે યમરાજને કહી સંભળાવ્યું. આથી પ્રસન્ન થઈ ફરીથી મૃત્યુરૂપી યમરાજ બોલ્યા : ૧૫

ભાષ્ય : યમરાજ ફરીથી પણ કર્મને જ વખાણે છે : જેણે ત્રણ-વાર નાચિકેત અગ્નિનું ચયન કર્યું હોય તે ત્રિણાચિકેત કહેવાય. અથવા તો તેને જાણનારો કે તેનું અધ્યયન અને અનુષ્ઠાન કરનારો ત્રિણાચિકેત ગણાય છે. તે ત્રિણાચિકેત માતા, પિતા અને આચાર્ય આ ત્રણે સાથે સંબંધ પામી અર્થાત્ વિધિપૂર્વક માતા વગેરે પાસેથી શિક્ષણ પામી; શાંતિ પામે છે. કેમ કે એક બીજી શ્રુતિથી તેમના તરફથી મળેલો બોધ જ ધર્મજ્ઞાનની પ્રામાણિકતામાં હેતુ મનાયો છે; જેમ કે 'માતા–પિતા તેમ જ આચાર્ય પાસેથી બોધ પામેલો પુરુષ કહે,' વગેરે શ્રુતિથી જણાય છે. અથવા વેદ, સ્મૃતિ અને શિષ્ટ પુરુષો પાસેથી અથવા તો પ્રત્યક્ષ, અનુમાન અને આગમથી (સંબંધ પ્રાપ્ત કરીને) યજ્ઞ, અધ્યયન અને દાન, આ ત્રણે કર્મોને કરનારો પુરુષ જન્મ અને મૃત્યુને તરી જાય છે–તેમને ઓળંગી જાય છે; કેમ કે તેણે (તે વેદ વગેરે અથવા પ્રત્યક્ષાદિ) પ્રમાણોથી સિદ્ધિ થતી પ્રત્યક્ષ જોઈ છે. વળી 'ब्रह्मजज्ञ' બ્રહ્મ એટલે બ્રહ્મા; અર્થાત્ હિરણ્યગર્ભથી ઉત્પન્ન થયેલો હોય તે બ્રહ્મજ કહેવાય. આ પ્રમાણે જે બ્રહ્મજ છે અને 'ज्ञ' એ જાણનારો પણ છે તેને બ્રહ્મજજ્ઞ કહેવામાં આવે છે, તે સર્વજ્ઞ છે. દ્યોતન અર્થાત્ પ્રકાશ વગેરેને લીધે દેવ કહેવાય છે તે દેવને ને જ્ઞાનાદિ ગુણોવાળો હોવાથી ઈડ્ય અર્થાત્ સ્તુતિ કરવા યોગ્ય છે, તેને શાસ્ત્રથી જાણીને અને 'निचाय्य' એટલે આત્મભાવથી જોઈને પોતાની બુદ્ધિથી પ્રત્યક્ષ થનારી આ આત્યંતિક શાંતિને અર્થાત્ ઉપરતિને પામે છે, એટલે કે જ્ઞાન અને કર્મના સમુચ્ચયનું અનુષ્ઠાન કરવાથી વૈરાજ પદને પ્રાપ્ત કરે છે. ૧૭

હવે અગ્નિવિજ્ઞાન અને તેના ચયનનો તથા આ પ્રકરણનો ઉપસંહાર કરે છે :

त्रिणाचिकेतस्त्रयमेतद्विदित्वा य एवं विद्वा॰श्चिनुते नाचिकेतम् ।
स मृत्युपाशान्पुरतः प्रणोद्य शोकातिगो मोदते स्वर्गलोके ॥१८॥

एतत् त्रयम्=ઈંટોનું સ્વરૂપ, સંખ્યા અને અગ્નિના ચયનનો વિધિ આ ત્રણે વાતોને, विदित्वा=જાણીને, त्रिणाचिकेतः=ત્રણ વાર નાચિકેત અગ્નિવિદ્યાનું અનુષ્ઠાન કરનારો અને यः एवम्=જે કોઈ પણ આ પ્રમાણે; विद्वान्=જાણનારો પુરુષ, नाचिकेतम्=આ નાચિકેત અગ્નિનું; चिनुते= ચયન કરે છે; सः मृत्युपाशान्=તે માણસ મૃત્યુના પાશને; पुरतः प्रणोद्य= પોતાની આગળ જ (મનુષ્યશરીરમાં જ) કાપી નાખીને; शोकातिगः= શોકથી તરી જઈને; मोदते=સ્વર્ગલોકમાં આનંદ અનુભવે છે. ૧૮

અગ્નિનું ચયન કરવા માટે કયા આકારની, કેવી અને કેટલી ઈંટો હોવી જોઈએ; તેમ જ અગ્નિનું ચયન કઈ રીતે કરવું; આ ત્રણે વાતોને જાણીને જે જ્ઞાની પુરુષ ત્રણ વાર નાચિકેત અગ્નિવિદ્યાનું નિષ્કામ ભાવથી અનુષ્ઠાન કરે છે એટલે કે અગ્નિનું ચયન કરે છે તે શરીર પડતાં જ પહેલાં (જન્મ)મૃત્યુના પાશને તોડી નાખીને શોકરહિત થઈ અંતે સ્વર્ગલોકના (અવિનાશી ઊર્ધ્વ લોકના) આનંદનો અનુભવ કરે છે. ૧૮

ભાષ્ય : ત્રિણાચિકેત અગ્નિના ઉપર કહેલ ત્રણ વિધિઓને અર્થાત્ જે ઈંટો જેટલી અને જેવી હોવી જોઈએ ને જેવી રીતે અગ્નિનું ચયન કરવું જોઈએ-આ ત્રણ વાતોને સમજી લઈ તે અગ્નિને આત્મસ્વરૂપે જાણનારો જે વિદ્વાન અગ્નિ-ક્રતુનું ચયન કરે છે ને તેની સાધના કરે છે તે અધર્મ, અજ્ઞાન અને રાગદ્વેષાદિરૂપ મૃત્યુનાં બંધનોનો દેહપાત થયા પૂર્વે જ ત્યાગ કરી માનસિક દુઃખોથી મુક્ત થઈ, સ્વર્ગમાં અર્થાત્ વૈરાજ લોકમાં વિરાટ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવાથી આનંદ અનુભવે છે. ૧૮

एष तेऽग्निर्नचिकेतः स्वर्ग्यो यमवृणीथा द्वितीयेन वरेण ।
एतमग्निं तवैव प्रवक्ष्यन्ति जनासस्तृतीयं वरं नचिकेतो वृणीष्व ॥

नचिकेतः=હે નચિકેતા ! एषः ते=આ તમને બતાવેલ, स्वर्ग्यः

अग्निः=સ્વર્ગ આપનારી અગ્નિ (વિદ્યા) છે. यम् द्वितीयेन वरेण अवृणीथाः= જેને તમે બીજા વરથી માગી હતી; एतम् अग्निम्=આ અગ્નિને (હવેથી), जनासः=માણસો, तव एव=તમારા જ નામથી, प्रवक्ष्यन्ति= કથા કરશે; नचिकेतः=હે નચિકેતા, तृतीयम् वरं वृणीष्व=(હવે તમે) ત્રીજું વરદાન માગી લો. ૧૯

હે નચિકેતા! તેં બીજા વરદાનથી જેની માગણી કરી હતી તે આ સ્વર્ગની પ્રાપ્તિ માટેનું સાધનરૂપ અગ્નિવિજ્ઞાન મેં તને આપ્યું. લોકો આ અગ્નિને તારે જ નામે સંબોધશે. હે નચિકેતા! વળી તું ત્રીજું વરદાન માગી લે. ૧૯

ભાષ્ય : હે નચિકેતા! તારા બીજા વરથી તેં જે અગ્નિની માગણી કરી હતી, જેને માટે તેં પ્રાર્થના કરી હતી તે સ્વર્ગપ્રાપ્તિનું સાધનભૂત આ અગ્નિવિજ્ઞાનરૂપી વર મેં તને આપ્યું. આ પ્રમાણે ઉપર કહેલા અગ્નિના વિજ્ઞાનનો ઉપસંહાર કરવામાં આવ્યો, એટલું જ નહીં પણ લોકો આ અગ્નિને તારા નામે જ સંબોધશે, તારા પર હું પ્રસન્ન થયેલો હોવાથી મેં તને આ ચોથું વરદાન આપ્યું. હે નચિકેત! હવે વળી તું ત્રીજું વરદાન માગી લે; કારણ કે તે આપ્યા વિના હું ઋણી–દેણદાર જ છું એમ કહેવાનો આશય છે. ૧૯

વિધિ–પ્રતિષેધ જ જેનાં પ્રયોજન છે એવા ઉપર કહેલા મંત્ર–બ્રાહ્મણો વડે આ બે વરથી સૂચવાયેલી વસ્તુ જ જ્ઞાતવ્ય અર્થાત્ જાણવા યોગ્ય છે. આત્મતત્ત્વ વિષયક યથાર્થ જ્ઞાન આનો વિષય નથી. હવે જે વિધિ-પ્રતિષેધનો વિષય છે. આત્મામાં ક્રિયા, કારક અને ફળનો અધ્યારોપ કરવો એ જ જેનું લક્ષણ છે તેમ જ જે સંસારનું બીજસ્વરૂપ છે તે સ્વાભાવિક અજ્ઞાનની નિવૃત્તિ માટે તેનાથી વિપરીત બ્રહ્માત્મૈક્ય જ્ઞાન વિષે હવે કહેવાનું છે. એ જ્ઞાન ક્રિયા, કારક અને ફળના અધ્યારોપરૂપ લક્ષણથી શૂન્ય તેમ જ આત્યંતિક નિઃશ્રેયસરૂપ પ્રયોજનવાળું છે. એના માટે જ આગળના ગ્રંથનો આરંભ હવે

કરવામાં આવે છે. આ જ વાતને આખ્યાયિકા વડે વિસ્તૃત કરી જણાવે છે કે, ત્રીજા વરથી પ્રાપ્ત થનારા આત્મજ્ઞાન વિના બીજા વરની પ્રાપ્તિથી પણ અકૃતાર્થતા જ છે એટલે કે કૃતાર્થતા નથી; કેમ કે અગાઉ કહેલાં કર્મવિષયક સાધ્ય–સાધન લક્ષણ તેમ જ અનિત્ય ફળોથી જે વિરક્ત થઈ ગયો હોય તે જ પુરુષનો આત્મજ્ઞાનમાં અધિકાર છે. તેથી તેમની નિંદાને માટે પુત્રાદિના વિચારથી નચિકેતાને લલચાવવામાં આવે છે.

'હે નચિકેતા ! તમે ત્રીજું વરદાન માગી લો.' આ પ્રમાણે યમે કહ્યાથી નચિકેતા બોલ્યા :

ત્રીજું વરદાન—આત્મરહસ્ય

येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके।
एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः ॥ २० ॥

प्रेते मनुष्ये=મરી ગયેલા માણસના વિષયમાં, या इयम्=જે આ, विचिकित्सा=સંશય છે, एके (आहुः) अयम् अस्ति इति=કોઈ તો એમ કહે છે કે મૂઆ પછી આ આત્મા રહે છે, च एके (आहुः) न अस्ति इति=ને વળી કોઈ એમ કહે છે કે નથી રહેતો, त्वया अनुशिष्टः=આપની મારફત ઉપદેશ પામી, अहम् एतत् विद्याम्=હું એનો નિર્ણય સારી પેઠે સમજી લઉં, एषः वराणाम्=આ જ ત્રણે વરદાનમાંથી, तृतीयः वरः=ત્રીજું વરદાન છે. ૨૦

મરી ગયેલા માણસોના વિષયમાં જે એવો સંદેહ છે કે કોઈ તો કહે મરણ પામ્યા બાદ આ આત્મા 'રહે છે' ને કોઈ કહે છે કે 'નથી રહેતો.'× આપની મારફત

× મરણ પામ્યા પછી આત્માનું અસ્તિત્વ રહે છે કે નહીં; આ સંબંધમાં નચિકેતાને પોતાને કોઈ સંદેહ નથી. બ્રાહ્મણોને યજ્ઞની દક્ષિણારૂપે બાપા ઘરડી ગાયો આપી રહ્યા છે એવું જોઈને નચિકેતાએ

ઉપદેશ પામી હું એનો નિર્ણય સારી પેઠે સમજી લઉં. ત્રણેય વરદાનમાંથી આ જ મારું અભીષ્ટ ત્રીજું વરદાન છે. ૨૦

(નચિકેતાનો મહત્ત્વપૂર્ણ પ્રશ્ન સાંભળીને યમરાજે મનમાં ને મનમાં તેનાં વખાણ કર્યાં ને આ ઋષિકુમાર બાળક હોવા છતાંય ઘણો પ્રતિભાશાળી છે, ગુપ્ત રાખવા જેવા વિષયને કેવી રીતે જાણવા ચાહે છે? પરંતુ આત્મતત્ત્વ યોગ્ય અધિકારીને જ જણાવવું જોઈએ; અનધિકારીને આત્મતત્ત્વનો ઉપદેશ કરવો હાનિકારક થાય છે; એટલા માટે પ્રથમ પાત્રની પરીક્ષા કરવાની આવશ્યકતા છે. એવા વિચારથી યમરાજે આ તત્ત્વની કઠિનતાનું વર્ણન કરી નચિકેતાને વિચલિત કરવાનો વિચાર કર્યો.)

ભાષ્ય : મરણ પામેલા માણસના વિષયમાં જે એવો સંદેહ છે

સ્પષ્ટપણે કહ્યું હતું કે આવી ગાયોનું દાન કરનારા આનંદરહિત (अनन्दाः) નરકાદિ લોકોને પામે છે, એવી જ રીતે બીજા વરમાં નચિકેતાએ સ્વર્ગનાં સુખોનું વર્ણન કરીને સ્વર્ગપ્રાપ્તિના સાધનરૂપ અગ્નિવિદ્યાના ઉપદેશ માટે યમરાજને પ્રાર્થના કરી હતી. આથી એવું સિદ્ધ થાય છે કે, તે સ્વર્ગ અને નરકમાં માનતો હતો. સ્વર્ગ–નરક વગેરે લોકોની પ્રાપ્તિ મૂઆ પછી જ થાય છે. આત્માનું અસ્તિત્વ ન હોય તો આ લોકોની પ્રાપ્તિ કોને થાય? એટલા માટે જ અહીં નચિકેતાએ પોતાનો મત ન બતાવતાં કહ્યું છે કે, કેટલાકો મરણ પછી આત્માનું અસ્તિત્વ માને છે ને કેટલાકો નથી માનતા. પ્રશ્નનો આ એક એવો સુંદર પ્રકાર છે કે, જેના ઉત્તરમાં આત્માની નિત્યસત્તા, તેનાં સ્વરૂપ, ગુણ અને પરમાત્માની પ્રાપ્તિનાં સાધનોનું વિવરણ આપોઆપ જ આવી જાય છે. એટલા માટે આ પ્રશ્ન આત્મજ્ઞાન વિષયક છે, પણ આત્માના અસ્તિત્વ વિષે સંદેહજનક નથી. તૈત્તિરીય બ્રાહ્મણમાં નચિકેતાનો જે ઇતિહાસ મળે છે તેમાં તો નચિકેતાએ ત્રીજા વરમાં પુનર્મૃત્યુ (જન્મ–મૃત્યુ) પર વિજય પામવા માટેનું મુક્તિનું સાધન જાણવા ઇચ્છયું છે (तृतीयं वृणीष्वेति पुनर्मृत्योर्मेऽपचितिं ब्रूहि).

કે કેટલાકો તો એમ કહે છે કે શરીર, ઇંદ્રિય, મન, બુદ્ધિથી અતિરિક્ત અન્ય દેહ સાથે સંબંધ રાખનારો આત્મા રહે છે ને કેટલાકનું એમ કહેવું છે કે, એવો કોઈ આત્મા રહેતો નથી. આથી એના વિષયમાં અમને પ્રત્યક્ષ અથવા તો અનુમાનથી કોઈ નિશ્ચિત જ્ઞાન થતું નથી; ને વળી પરમ પુરુષાર્થ આ વિજ્ઞાનને જ અધીન છે તેથી આપની પાસેથી એના વિષેની માહિતી મેળવીને હું એને જાણી શકું. મારાં ત્રણે વરદાનોમાં માગવા માટેનું આ એક જ વરદાન બાકી રહ્યું છે. ૨૦

આ (નચિકેતા) નિઃશ્રેયસના સાધનરૂપ આત્મજ્ઞાનને યોગ્ય પૂર્ણ રીતે છે કે નહીં, આ વાતની પરીક્ષા કરવા માટે યમરાજે કહ્યું :

देवैरत्रापि विचिकित्सितं पुरा न हि सुविज्ञेयमणुरेष धर्मः ।
अन्यं वरं नचिकेतो वृणीष्व मा मोपरोत्सीरति मा सृजैनम् ॥२१

नचिकेतः=હે નચિકેતા, अत्र पुरा=આ વિષયમાં અગાઉ, देवैः अपि=દેવતાઓએ પણ, विचिकित्सितम्=સંદેહ કર્યો હતો (પણ તેઓ પણ સમજી શક્યા નહીં), हि एषः धर्मः अणुः=કેમ કે આ વિષય અતિ સૂક્ષ્મ છે; न सुविज्ञेयम्=સહેજે સમજાય તેવો નથી (માટે) अन्यम् वरम् वृणीष्व=તમે બીજું વરદાન માગી લો, मा मा उपरोत्सीः=મારા પર દબાણ આણશો નહીં, एनम् मा=આ આત્મજ્ઞાન સંબંધી વરદાન મને, अतिसृज=પાછું આપી દો. ૨૧

આ વિષયમાં અગાઉ દેવતાઓને પણ સંદેહ થયો હતો; કેમ કે આ સૂક્ષ્મ ધર્મ સહેલાઈથી સમજાય તેવો નથી. હે નચિકેતા! તું બીજું વરદાન માગી લે. આ વરદાન મેળવવા માટે મારા પર દબાણ આણીશ નહિ અર્થાત્ મારું કામ કરતાં તું મને રોકીશ નહિ. આ આત્મજ્ઞાન સંબંધી વરદાન મને પાછું આપી દે. ૨૧

ભાષ્યઃ આ આત્મતત્ત્વના વિષયમાં પહેલાં પૂર્વકાળમાં દેવતાઓએ પણ સંશય કર્યો હતો. આ તત્ત્વને સામાન્ય માણસો સમજી શકે તેમ નથી; કેમ કે આ 'આત્મા' નામવાળો ધર્મ અતિ સૂક્ષ્મ છે. એટલા માટે હે નચિકેતા! ચોક્કસ ફળ આપનાર બીજું કોઈ વરદાન તું માગી લે. કોઈ લેણુદાર પોતાના લેણુદારને દબાવે છે, તેમ તું મારા પર દબાણ આણીશ નહીં. આ વરદાન તું મારા માટે જ રહેવા દે. ૨૧

નચિકેતાની સ્થિરતા

देवैरत्रापि विचिकित्सितं किल त्वं च मृत्यो यन्न सुज्ञेयमात्थ।
वक्ता चास्यत्वादृगन्यो न लभ्यो नान्यो वरस्तुल्य एतस्य कश्चित्॥

मृत्यो=હે યમરાજ! त्वम् यत् आत्थ=આપે જે એમ કહ્યું કે, अत्र किल देवैः अपि=આ વિષય પર દેવતાઓએ પણ विचिकित्सितम्=વિચાર કર્યો હતો (પરંતુ તેઓ નિર્ણય કરી શક્યા નહીં)–न च सुविज्ञेयम्=તેમ જ આ સહેલાઈથી સમજી કે જાણી શકાય તેવો પણ નથી (એટલું જ નહીં). च=એ સિવાય, अस्य वक्ता= આ વિષય કહેનારો પણ, त्वादृक्=આપના જેવો, अन्यः न लभ्यः=બીજો કોઈ મળે તેમ નથી, (अतः)=આથી મારી સમજ પ્રમાણે તો, एतस्य तुल्यः=એના જેવું, अन्यः कश्चित्=બીજું કોઈ પણ वरः न=વરદાન નથી. ૨૨

હે યમરાજ! આપે જે એમ કહ્યું કે, આ વિષય પર દેવતાઓએ પણ વિચાર કર્યો હતો; પરંતુ તેઓ નિર્ણય કરી શક્યા નહિ; તેમ જ આ વિષય સહેલાઈથી સમજી કે જાણી શકાય તેવો પણ નથી (એટલું જ નહિ); પણ આ વિષય કહેનારો આપના જેવો બીજો કોઈ મળે તેમ નથી. એટલા માટે મારી સમજ પ્રમાણે તો એના જેવું બીજું કોઈ પણ વરદાન નથી. ૨૨

ભાષ્ય : આ વિષયમાં દેવતાઓએ પણ સંદેહ કર્યો હતો એમ હમણાં જ મેં આપની પાસેથી સાંભળ્યું છે. હે મૃત્યો ! આ તત્ત્વ સહેલાઈથી ન જાણી શકાય તેવું હોવાથી આપ પણ તે મને કહેતા નથી; તેમ જ પંડિતોથી પણ ન જાણી શકાય એવો આ વિષય હોવાથી આ ધર્મનો ઉપદેશ કરનારો બીજો આપના જેવો કોઈ પણ પંડિત શોધ્યો પણ મળી શકે તેમ નથી; વળી આ વર પણ નિઃશ્રેયસ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનું કારણ છે તેથી એના જેવો બીજો કોઈ પણ વર નથી; કેમ કે બીજાં બધાં વરદાન અનિત્ય ફળવાળાં છે. આ એનો અભિપ્રાય છે. ૨૨

નચિકેતાએ આ પ્રમાણે કહેવા છતાં ફરીથી તેને પ્રલોભન આપતાં યમરાજ કહેવા લાગ્યા :

યમરાજનું પ્રલોભન

शतायुषः पुत्रपौत्रान्वृणीष्व बहून्पशून्हस्तिहिरण्यमश्वान् ।
भूमेर्महदायतनं वृणीष्व स्वयं च जीव शरदो यावदिच्छसि ॥२३॥

शतायुषः पुत्रपौत्रान्=સો વર્ષના આયુષ્યવાળા પુત્રપૌત્રાદિને, बहून् पशून्=ઘણાં ગાય વગેરે પશુઓને (તેમ જ), हस्तिहिरण्यम्=હાથી, સોનું અને; अश्वान् वृणीष्व=ઘોડાઓને માગી લો; भूमेः महत् आयतनम्=ઘણા વિસ્તારવાળા ભૂમંડળ(ના સામ્રાજ્ય)ને; वृणीष्व=માગી લો; स्वयम् च=ને તમે પોતે પણ, यावत् शरदः=જેટલાં વર્ષો સુધી; इच्छसि=ઇચ્છો; जीवः=જીવતા રહો. ૨૩

હે નચિકેતા ! તું સો વર્ષના આયુષ્યવાળા પુત્ર-પૌત્રાદિને, ગાય વગેરે ઘણાં પશુઓને તેમ જ હાથી, સોનું અને ઘોડાઓને માગી લે. વિશાળ ભૂમંડળ(નું સામ્રાજ્ય) પણ માગી લે, તેમ જ તું પોતે પણ જેટલાં વર્ષ જીવવાને ઇચ્છતો હોય તેટલાં વર્ષ જીવ. ૨૩

ભાષ્ય : સો વર્ષનું જેમનું આયુષ્ય હોય એવા શતાયુ પુત્ર, પૌત્ર માગી લે; તેમ જ ગાય વગેરે ઘણાં પશુ, હાથી અને સોનું તથા ઘોડા અને પૃથ્વીનું મહાન વિસ્તૃત આયતન–આશ્રય–મંડળ અર્થાત્ રાજ્ય માગી લે; પણ તું પોતે જો અલ્પાયુ હોય તો વળી આ બધાં વ્યર્થ જ છે–તેથી કહે છે : તું પોતે પણ જેટલું જીવવા ઇચ્છતો હોય તેટલાં વર્ષ સુધી જીવતો રહે; અર્થાત્ શરીર એટલે સમગ્ર ઇંદ્રિય સમૂહને ધારણ કરી રહે. ૨૩

एतत्तुल्यं यदि मन्यसे वरं वृणीष्व वित्तं चिरजीविकां च।
महाभूमौ नचिकेतस्त्वमेधि कामानां त्वा कामभाजं करोमि ॥२४॥

नचिकेतः=હે નચિકેતા ! वित्तम् चिरजीविकाम्=ધન, સંપત્તિ અને અનંત કાળ સુધી રહેનારી આજીવિકાને, यदि त्वम्=જો તમે, एतत्-तुल्यम्=આ આત્મજ્ઞાનવિષયક વરદાન સમાન, वरम् मन्यसे=વરને માનતા હો તો, वृणीष्व=માગી લો, च महाभूमौ=તમે આ પૃથ્વી-લોકમાં, एधि=મહાન સમ્રાટ બનો; त्वा कामानाम्=(હું) તમને સર્વ ઉત્તમ ભોગોમાંના=कामभाजम्=અતિ ઉત્તમ ભોગોને ભોગવનાર, करोमि=બનાવી દઉં છું. ૨૪

એના સરખું જ બીજું જે કોઈ વરદાન તું સમજતો હોય તો તેને, અથવા ધનસંપત્તિ અને અનંતકાળ સુધી રહેનારી આજીવિકાને તું માગી લે. હે નચિકેતા ! આ વિશાળ ભૂમિમાં તું વૃદ્ધિ પામ. હું તને તારી મરજી પ્રમાણે કામનાઓને ભોગવનારો બનાવું. ૨૪

ભાષ્ય : આ ઉપર કહેલા વરદાનના જેવું જો તું બીજું કોઈ વરદાન સમજતો હોય તો તે પણ માગી લે. એટલું જ નહીં; પણ ધન અર્થાત્ પુષ્કળ સુવર્ણ અને રત્ન વગેરે તથા તે ધનની સાથે ચિરકાળ પર્યંત રહેનારી જીવિકા પણ માગી લે. વધુ તો શું પણ હે નચિકેતા ! આ વિશાળ ભૂમિમાં તું રાજા થઈને વૃદ્ધિને પામ. હું તને દૈવી તેમ

જ માનુષી સર્વ કામનાઓને તારી મરજી પ્રમાણે ભોગવનારો બનાવી દઉં છું; કારણ કે હું સત્યસંકલ્પને પાર પાડનારો દેવતા છું. ૨૪

ये ये कामा दुर्लभा मर्त्यलोके सर्वान्कामाꣳश्छन्दतः प्रार्थयस्व ।
इमा रामाः सरथाः सतूर्या न हीदृशा लम्भनीया मनुष्यैः ।
आभिर्मत्प्रत्ताभिः परिचारयस्व नचिकेतो मरणं मानुप्राक्षीः ॥२५॥

ये ये कामाः=જે જે ભોગો, मर्त्यलोके=મનુષ્યલોકમાં, दुर्लभाः-દુર્લભ છે, सर्वान् कामान्=તે સર્વ ભોગોને, छन्दतः प्रार्थयस्व=મરજી પ્રમાણે માગી લે, सरथाः सतूर्याः इमाः रामाः=રથ અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો સાથે આ સ્વર્ગની અપ્સરાઓને (પોતાની સાથે લઈ જા), मनुष्यैः ईदृशाः=મનુષ્યોને આવી સ્ત્રીઓ, नहि लम्भनीयाः=(કદાપિ) પ્રાપ્ત થઈ શકતી નથી. मत्प्रत्ताभिः=મારાથી અપાયેલી, आभिः=આ સ્ત્રીઓથી, परिचारयस्व=તું તારી સેવા કરાવ, नचिकेतः=હે નચિકેતા ! मरणम्=મૂઆ પછી આત્માનું શું થાય છે આ વાત, मा अनुप्राक्षीः= પૂછીશ નહીં. ૨૫

મનુષ્ય લોકમાં જે જે ભોગો દુર્લભ છે તે બધા ભોગો તારી મરજી પ્રમાણે માગી લે. અહીં રથ અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો સાથે આ પ્રમદાઓ છે. આવી સ્ત્રીઓ મનુષ્યોને પ્રાપ્ત થઈ શકતી નથી જ. મારા વડે અપાતી આ કામિનીઓ પાસે તું તારી સેવા કરાવ; પરંતુ હે નચિકેતા ! તું મરણ સંબંધી પ્રશ્ન પૂછીશ નહિ. ૨૫

ભાષ્ય : આ મર્ત્યલોકમાં જે જે કામનાઓ–ઇચ્છવા યોગ્ય વસ્તુઓ–દુર્લભ છે તે બધી ઇચ્છા અનુસાર માગી લે. તદુપરાંત આ રામાઓ (પુરુષો સાથે જે રમણ કરે છે તે 'રામા' કહેવાય છે, એવી) આ દિવ્ય અપ્સરાઓ સરથાઃ–રથો સહિત અને સતૂર્યાઃ–વાજિંત્રો સહિત તૈયાર છે. અમારા જેવા દેવતાઓની કૃપા વિના આ અર્થાત્

આવી સ્ત્રીઓ મરણધર્મા મનુષ્યોને પ્રાપ્ત થઈ શકતી જ નથી. મારા વડે અપાયેલી આ દાસીઓ પાસે તારા પગ ધોવડાવવારૂપ સેવા કરાવ; પરંતુ હે નચિકેતા! મૂઆ પછી જીવાત્મા રહે છે કે નથી રહેતો એવો, કાગડાના દાંતોની પરીક્ષા કરવા જેવો મરણસંબંધી પ્રશ્ન પૂછીશ નહીં. તારા જેવાએ આવો પ્રશ્ન કરવો ઉચિત નથી. ૨૫

એ રીતે નચિકેતાને લલચાવ્યો છતાં મોટા સરોવરની પેઠે ક્ષુબ્ધ થયા વિના નચિકેતાએ કહ્યું :

નચિકેતાની નિષ્કામતા

श्वोभावा मर्त्यस्य यदन्तकैतत्सर्वेन्द्रियाणां जरयन्ति तेजः।
अपि सर्वं जीवितमल्पमेव तवैव वाहास्तव नृत्यगीते ॥ २६ ॥

अन्तक=હે યમરાજ! (જેનું આપે વર્ણન કર્યું તે) श्वोभावाः=ક્ષણભંગુર ભોગ (ને તેનાથી પ્રાપ્ત થનારાં સુખ), मर्त्यस्य=મનુષ્યના, सर्वेन्द्रियाणाम्=અંતઃકરણ સહિત સર્વ ઇંદ્રિયોનું, यत् तेजः=જે તેજ છે, एतत्=એને, जरयन्ति=ક્ષીણ કરી નાખે છે; अपि सर्वम्=એ ઉપરાંત સઘળું, जीवितम्=આયુષ્ય, ભલેને તે ગમે તેટલું કાં ન હોય; अल्पम् एव=ઓછું જ છે, માટે; तव वाहाः=આ આપનાં રથ વગેરે વાહનો, અને नृत्यगीते=આ અપ્સરાઓનાં નાચગાન, तव एव=આપની પાસે જ રહેવા દો (મારે જોઈતાં નથી). ૨૬

હે યમરાજ! આ ભોગ 'આવતી કાલે રહેશે કે નહિ'–એવા પ્રકારનાં (અનિત્ય) છે અને સઘળી ઇંદ્રિયોના તેજને જીર્ણ કરી નાખે છે. આ સઘળું આયુષ્ય પણ ઘણું થોડું જ છે. આપનાં વાહન અને નાચ–ગાન એ બધું આપની પાસે જ રહેવા દો (મારે એ જોઈતાં નથી.). ૨૬

ભાષ્ય : આપે જે ભોગોનો ઉલ્લેખ કર્યો છે તે તો શ્વોભાવ છે– જેમનો ભાવ અર્થાત્ અસ્તિત્વ 'કાલે રહેશે કે નહીં' એ પ્રમાણે

સંદેહયુક્ત હોય તે શ્વોભાવ કહેવાય. વળી હે અંતક–હે મૃત્યો ! આ અપ્સરા વગેરેનો ભોગ મનુષ્યોની સર્વ ઇંદ્રિયોના તેજને ક્ષીણ કરી નાખે છે; તેથી ધર્મ, વીર્ય, પ્રજ્ઞા, તેજ અને યશ વગેરેનો ક્ષય કરનાર હોવાથી એ ભોગ અનર્થના હેતુરૂપ જ છે. વળી આપ જે દીર્ઘાયુષ્ય આપવા ઇચ્છો છો તેના વિષયમાં પણ સાંભળો. બ્રહ્માનું સંપૂર્ણ જીવન અર્થાત્ આયુષ્ય છે તે પણ અલ્પ જ છે, તો પછી અમારા જેવાના દીર્ઘ જીવનની તો વાત જ ક્યાં રહી? એટલા માટે આપનાં રથ વગેરે વાહનો અને નાચગાન એ બધું આપની પાસે જ રહેવા દો (મારે એ જોઈતાં નથી). ૨૬

વળી—

न वित्तेन तर्पणीयो मनुष्यो लप्स्यामहे वित्तमद्राक्ष्म चेत्त्वा ।
जीविष्यामो यावदीशिष्यसि त्वं वरस्तु मे वरणीयः स एव ॥२७

मनुष्यः=મનુષ્ય, वित्तेन=ધનથી, तर्पणीयः न=ક્યારેય તૃપ્ત કરી શકાતો નથી; चेत्=જ્યારે (અમે), त्वा अद्राक्ष्म=આપનાં દર્શન કરી લીધાં છે, (ત્યારે) वित्तम्=ધનને, लप्स्यामहे=(તો અમે) અવશ્ય પામીશું જ; (અને) त्वम् यावत्-આપ જ્યાં સુધી, ईशिष्यसि=શાસન કરતા રહેશો, ત્યાં સુધી તો, जीविष्यामः=અમે જીવતા જ રહીશું (માટે એ બધાંને માગવાનું પ્રયોજન જ શું છે, તેથી); मे वरणीयः वरः तु=મારે માટે માગવાલાયક વર તો, एव=તે (આત્મજ્ઞાન) જ છે. ૨૭

માણુસને ધનથી તૃપ્ત કરી શકાતો નથી, જ્યારે હવે આપનાં દર્શન કરી લીધાં છે, તો ધન તો અમે અવશ્ય પામીશું જ. આપ જ્યાં સુધી શાસન કરતા રહેશો ત્યાં સુધી અમે જીવતા પણ રહીશું જ. (માટે ધન, આયુષ્ય વગેરે માગવાનું પ્રયોજન જ શું છે, તેથી) મારે માગવાલાયક વર તો તે (આત્મજ્ઞાન) જ છે. ૨૭

भाष्य : મનુષ્યને પુષ્કળ ધનથી પણ તૃપ્ત કરી શકાતો નથી.

લોકમાં ધનની પ્રાપ્તિ કોઈને પણ તૃપ્ત કરનારી થઈ હોય એવું જોવામાં આવ્યું નથી. હવે જ્યારે અમે આપનાં દર્શન કરી લીધાં છે ત્યારે જો અમને ધનની લાલસા થશે તો ધન તો અમે પ્રાપ્ત કરી જ લઈશું; એ જ પ્રમાણે દીર્ઘાયુષ્ય પણ મેળવી લઈશું. જ્યાં સુધી આપ યમના પદ પર રહી શાસન કરશો ત્યાં સુધી અમે પણ જીવતા રહીશું. ભલા કોઈ પણ માણસ આપના સંપર્કમાં આવ્યા પછી અલ્પાયુ કે અલ્પ ધનવાળો કઈ રીતે રહી શકે? પરંતુ વરદાન તો આત્મવિજ્ઞાન સંબંધી જે માગ્યું છે તે જ માગવાનું રહે છે. ૨૭

જેમ કે—

अजीर्यताममृतानामुपेत्य जीर्यन्मर्त्यः क्वधःस्थः प्रजानन् ।
अभिध्यायन्वर्णरतिप्रमोदानतिदीर्घे जीविते को रमेत ॥ २८ ॥

जीर्यन् मर्त्यः=આ મનુષ્ય જીર્ણ થનારો અને મરણધર્મા છે, प्रजानन्=આ તત્ત્વને સારી રીતે સમજનારો, क्वधःस्थः=મનુષ્યલોકનો નિવાસી, कः=કોણ (એવો) માણસ છે (કે જે), अजीर्यताम्=ઘડપણથી રહિત, अमृतानाम्=ન મરનારા (આપના જેવા) મહાત્માઓનો, उपेत्य=સંગ પામીને પણ, वर्णरतिप्रमोदान्=(સ્ત્રીઓનાં) સૌંદર્ય, ક્રીડા અને આમોદપ્રમોદનું, अभिध्यायन्=વારંવાર ચિંતન કરતો, अतिदीर्घे=ઘણા સમય સુધી, जीविते=જીવિત રહેવામાં, रमेत=આનંદ માનશે. ૨૮

આ મનુષ્ય જીર્ણ થનારો અને મરણધર્મા છે એવા તત્ત્વને સારી રીતે સમજનારો મનુષ્ય લોકનો એવો કયો માણસ છે કે, જે આપણા જેવા અજર અને અમર મહાત્માઓનો સંગ પામીને પણ સ્ત્રીઓનાં સૌંદર્ય, ક્રીડા અને આમોદપ્રમોદનું વારંવાર ચિંતન કરતો ઘણા સમય સુધી જીવિત રહેવામાં આનંદ માનશે ?૨૮

ભાષ્ય : વયની હાનિરૂપ જીર્ણતાને પ્રાપ્ત નહિ થનારા અમર એવા દેવતાઓની સમીપ પહોંચી તેમની પાસેથી પ્રાપ્ત થવા યોગ્ય પોતાના

બીજા ઉત્કૃષ્ટ પ્રયોજનને અર્થાત્ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુને જાણતો ને પ્રાપ્ત કરતો હોવા છતાંય જે પોતે જીર્ણ થનારો અને મરણધર્મા છે અર્થાત્ જરામરણશીલ છે એવા ક્વધઃસ્થ હોઈને પણ આ પ્રમાણે અવિવેકી માણસો જ જેમની માગણી કરે એવાં પુત્ર, ધન અને સુવર્ણ વગેરે અસ્થિર અનિત્ય પદાર્થોની માગણી તે કઈ રીતે કરે ? અર્થાત્ એવા પદાર્થોની અભિલાષા તેઓ ક્યારેય ન રાખે !

क्वधःस्थ-'कु' એટલે પૃથ્વી, તે અંતરિક્ષ વગેરે લોકોની અપેક્ષાએ अध-નીચી ('હોવાને લીધે' 'क्वधः' કહેવાય) છે, તેના પર જે રહે છે તેને क्वधःस्थ કહેવામાં આવે છે.

કોઈ સ્થળે 'क्वधःस्थः'ને બદલે 'क्व तदास्थः' એવો પણ પાઠ છે. આ પક્ષમાં અક્ષરો આ પ્રમાણે ગોઠવવા જોઈએ, જેમ કે પુત્ર વગેરેમાં જેની આસ્થા—આસ્થિતિ અર્થાત્ તત્પરતાપૂર્વક પ્રવૃત્તિ હોય તે 'તદાસ્થ' છે. જે પુરુષ તેમનાથી પણ ઉત્કૃષ્ટતર અને પ્રાપ્ત ન થઈ શકે એવા પુરુષાર્થને પામવાને ઇચ્છુક હોય તે પુરુષ તેવા પદાર્થોમાં આસ્થા રાખનારો કઈ રીતે હોઈ શકે ? અર્થાત્ તેમને અસાર માનનારો કોઈ પણ પુરુષ તેમનો અભિલાષી હોઈ શકે નહીં; કેમ કે બધા જ માણસો ઉત્તરોત્તર ઉન્નત જ થવા ચાહે છે તેથી મને પુત્ર, ધન વગેરેનો લોભ દેખાડી લલચાવી શકાય તેમ નથી; વળી વર્ણ પ્રત્યેની આસક્તિથી પ્રાપ્ત થનારાં અપ્સરા વગેરે સુખોની અસ્થિર રૂપમાં ભાવના કરતો, તેમને મિથ્યા સમજનારો કયો વિવેકી પુરુષ લાંબું આયુષ્ય મેળવી દીર્ઘ કાળ સુધી જીવવામાં આનંદ માનશે ? અર્થાત્ એવી રીતે લાંબા સમય સુધી જીવવામાં કોઈપણ પુરુષ આનંદ નહીં માને, એટલા માટે મને આ મિથ્યા ભોગોથી લલચાવવાનું છોડી દઈ મેં જે વર મેળવવા માટે આપને પ્રાર્થના કરી છે અને-૨૮

यस्मिन्निदं विचिकित्सन्ति मृत्यो यत्साम्पराये महति ब्रूहि नस्तत् ।
योऽयं वरो गूढमनुप्रविष्टो नान्यं तस्मान्नचिकेता वृणीते ॥२९॥

मृत्यो=હે યમરાજ, यस्मिन् महति साम्पराये=જે મહાન આશ્ચર્યમય પરલોક સંબંધી આત્મજ્ઞાનના વિષયમાં, इदम् विचिकित्सन्ति=(માણસો) એવી શંકા કરે છે કે મરણ પામ્યા પછી આ આત્મા રહે છે કે નહીં; (तत्र) यत्=એ વિષે જે નિર્ણય હોય, तत् नः ब्रूहि=તે આપ અમને કહો; यः अयम्=જે આ, गूढम् अनुप्रविष्टः वरः=અત્યંત ગંભીરતાને પ્રાપ્ત થયેલ જે વરદાન છે, तस्मात्=તેનાથી, अन्यम्=બીજું વરદાન, नचिकेता=નચિકેતા, न वृणीते=માગતો નથી. ૨૯

નચિકેતા કહે છે કે, 'હે યમરાજ! જે આત્મતત્ત્વ સંબંધી મહાન જ્ઞાનના વિષયમાં લોકો એવી શંકા કરે છે કે, મરણ પછી આત્માનું અસ્તિત્વ રહે છે કે નહિ; એ વિષે આપનું જે નિર્ણયાત્મક અનુભૂત જ્ઞાન હોય તેનો જ ઉપદેશ કૃપા કરીને મને કરો. આત્મતત્ત્વ સંબંધી આ વર અત્યંત ગહન છે એ વાત સાચી છે; પરંતુ આપનો શિષ્ય આ નચિકેતા એનાથી ભિન્ન બીજો કોઈ પણ વર મેળવવા ઇચ્છતો નથી. (માટે આપવો હોય તો એ જ વર આપો.') ૨૯

ભાષ્ય: હે મૃત્યો! પરલોકમાં સિધાવેલા જે જીવના વિષયમાં એવો સંદેહ રાખવામાં આવે છે કે, મરણ પછી 'તેનું અસ્તિત્વ રહે છે કે નહીં' તે મહાન–મહાન પ્રયોજનના નિમિત્તભૂત સામ્પરાય–પરલોકના વિષયમાં તે આત્મા સંબંધી જે નિશ્ચિત વિજ્ઞાન છે તે અમને કહો. વધુ તો શું, આ જે આત્મવિષયક વર છે તે અત્યંત ગહન છે ને તેનું વર્ણન કે વિવેચન કરી શકાય નહીં એવી સ્થિતિને તે પામતો જાય છે. અવિવેકી માણસો હોય તેઓ જ એનાથી ભિન્ન વર માગે; પરંતુ નચિકેતા એ વરથી ઇતર અનિત્ય વસ્તુવિષયક વર મનથી પણ માગવાને ઇચ્છતો નથી—આ શ્રુતિનું વચન છે. ૨૯

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવાન શ્રીશંકરાચાર્યે રચેલા
કઠોપનિષદના પ્રથમ અધ્યાયમાં પ્રથમ વલ્લીભાષ્ય સમાપ્ત

બીજી વલ્લી

શ્રેય–પ્રેયવિવેક

ભાષ્ય : એ પ્રમાણે શિષ્યની પરીક્ષા કરીને તેમ જ તેનામાં વિદ્યાગ્રહણ કરવાની યોગ્યતા જાણ્યા પછી યમરાજે કહ્યું :

अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेयस्ते उभे नानार्थे पुरुषꣳ सिनीतः।
तयोः श्रेय आददानस्य साधुर्भवति हीयतेऽर्थाद्य उ प्रेयो वृणीते ॥

श्रेयः=કલ્યાણનું સાધન, अन्यत्=બીજું (જુદું) છે, उत=અને प्रेयः=પ્રિય લાગનારા ભોગોનું સાધન, अन्यत् एव=બીજું (જુદું) જ છે, ते=તે, नानार्थे=જુદાં જુદાં ફળ આપનારાં. उभे=બંને સાધનો, पुरुषम्=માણસને, सिनीतः=બાંધે છે–પોતપોતાના તરફ આકર્ષે છે, तयोः=તે બંનેમાંથી, श्रेयः=કલ્યાણના સાધનને, आददानस्य=ગ્રહણ કરનારનું, साधुः भवति=કલ્યાણ થાય છે. उ यः=પણ જે, प्रेयः वृणीते=સાંસારિક ઉન્નતિનાં સાધનનો સ્વીકાર કરે છે, (सः=તે,) अर्थात्=યથાર્થ લાભથી, हीयते=ભ્રષ્ટ થઈ જાય છે. ૧

શ્રેય (વિદ્યા) જુદું છે ને પ્રેય (અવિદ્યા) પણ અલગ જ છે. ભિન્નભિન્ન ફળ આપનારાં હોવા છતાં આ બન્ને સાધનો મનુષ્યને બાંધે છે–તેને પોતાના તરફ આકર્ષે છે. એ બન્નેમાંથી શ્રેયને ગ્રહણ કરનારનું કલ્યાણ થાય છે; પરંતુ જે પ્રેયને અપનાવે છે તે વાસ્તવિક સુખથી પતિત થઈ જાય છે. ૧

ભાષ્ય : શ્રેય અર્થાત નિઃશ્રેયસ જુદું છે ને વળી પ્રેય એટલે પ્રિયતર વસ્તુ પણ જુદી જ છે. એ શ્રેય અને પ્રેય બંને પ્રયોજનવાળાં હોવા છતાંય અધિકારી અર્થાત્ વર્ણાશ્રમાદિ વિશિષ્ટ પુરુષને

બંધનમાં નાખી દે છે, એટલે બધા માણસો તેમના વડે જ પોતાનાં (વિદ્યા–અવિદ્યા સંબંધી) કર્તવ્યથી મુક્ત થઈ જાય છે. અભ્યુદયની ઇચ્છાવાળો પુરુષ પ્રેયથી અને અમૃતત્વનો અભિલાષી શ્રેયથી પ્રવૃત્ત થાય છે; તેથી શ્રેય અને પ્રેય આ બંનેનાં પ્રયોજનોની કર્તવ્યતાને લીધે બધા માણસો તેમનાથી બંધાયેલા હોવાનું કહેવાય છે. જોકે તેઓ દરેક પુરુષાર્થ સાથે સંબંધ રાખનારાં છે તોપણ વિદ્યા અને અવિદ્યારૂપ હોવાને લીધે પરસ્પર વિરુદ્ધ છે. તેથી તેમાંના ગમે તે એકનો ત્યાગ કર્યા સિવાય એક માણસથી તે બંનેનું એકસાથે જ અનુષ્ઠાન અર્થાત્ પાલન થઈ શકતું નથી. માટે તેમાંના અવિદ્યારૂપ પ્રેયનો ત્યાગ કરી કેવળ શ્રેયનો જ સ્વીકાર કરનારાનું સાધુ–શુભ અર્થાત્ કલ્યાણ થાય છે. જે મૂઢ દૂરદર્શી નથી તે આ અર્થ–પુરુષાર્થ અર્થાત્ પરમાર્થ સંબંધી નિત્ય પ્રયોજનથી ચ્યુત થઈ જાય છે; કોણ છે તે ? તે એ જ છે કે જે પ્રેયને અપનાવે છે–એની માગણી કરે છે; આ એનું તાત્પર્ય છે. ૧

श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विविनक्ति धीरः।
श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥

श्रेयः च प्रेयः च=શ્રેય અને પ્રેય–આ બંને જ, मनुष्यम् एतः–મનુષ્યની આગળ આવે છે; धीरः=બુદ્ધિમાન માણસ, तौ=એ બંનેના સ્વરૂપ પર; सम्परीत्य=સારી પેઠે વિચાર કરીને, विविनक्ति=તેમને જુદાં જુદાં સમજી લે છે; (અને) धीरः=તે શ્રેષ્ઠ બુદ્ધિવાળો માણસ, श्रेयः हि=પરમકલ્યાણના સાધનને જ, प्रेयसः=પ્રેય (ભોગ–સાધન) કરતાં अभिवृणीते=શ્રેષ્ઠ માનીને ગ્રહણ કરે છે; (પરંતુ), मन्दः=મંદબુદ્ધિવાળો માણસ, योगक्षेमात्=લૌકિક યોગક્ષેમની કામનાથી, प्रेयः वृणीते=ભોગોના સાધનરૂપ પ્રેયને અપનાવે છે. ૨

શ્રેય અને પ્રેય (અને લગભગ એકબીજા સાથે મળીને) માણસની પાસે આવે છે. બુદ્ધિમાન માણસ સારી

પેઠે વિચાર કરીને તે બન્નેને એકબીજાથી જુદાં કરે છે. વિવેકી પુરુષ પ્રેયથી શ્રેયને શ્રેષ્ઠ માનીને તેને જ અપનાવે છે; પરંતુ મૂર્ખ–અજ્ઞાની માણસ યોગક્ષેમના નિમિત્તથી પ્રેયને અપનાવે છે. ૨

ભાષ્ય : શ્રેય તથા પ્રેય આ બંનેનો સ્વીકાર કરવાનું મનુષ્યને અધીન છે, તો પછી માણસો ખાસ કરીને પ્રેયનો જ સ્વીકાર શા માટે કરે છે તે વિષે કહે છે: એ બંનેનો સ્વીકાર કરવો મનુષ્યને અધીન છે એ વાત ખરી છે; તોપણ તે શ્રેય અને પ્રેય મંદબુદ્ધિ માણસો માટે સાધન અને ફળની દૃષ્ટિથી જેમને જુદા કરવાનું કામ ઘણું કઠિન છે એવાં થઈ બંને લગભગ એકબીજા સાથે મળીને જ મનુષ્ય અર્થાત્ જીવને પ્રાપ્ત થાય છે; એટલા માટે હંસ જેવી રીતે પાણીથી દૂધને જુદું કરી લે છે તેવી જ રીતે ધીર–બુદ્ધિમાન પુરુષ તે શ્રેય અને પ્રેય પદાર્થોની મનથી સારી રીતે આલોચના કરી, તેમના ગૌરવ અને લાઘવનો વિવેક અર્થાત્ પૃથક્કરણ કરે છે. આ રીતે શ્રેયને પ્રેયથી જુદું પાડી તેમ જ પ્રેય કરતાં શ્રેય વધુ અભીષ્ટ હોવાથી શ્રેયને જ ગ્રહણ કરે છે; પરંતુ એવી રીતે કરે છે કોણ? તે જ કે જે બુદ્ધિમાન છે.

આથી વિપરીત મંદ અર્થાત્ અલ્પ બુદ્ધિવાળો માણસ તેનામાં વિવેકશક્તિનો અભાવ હોવાને લીધે કેવળ યોગક્ષેમના કારણરૂપ અર્થાત્ જે શરીરાદિની વૃદ્ધિ અને રક્ષાનું જ નિમિત્ત જ છે એવા પશુ–પુત્રાદિરૂપ પ્રેયને જ અપનાવે છે. ૨

स त्वं प्रियान्प्रियरूपाꣳश्च कामानभिध्यायन्नचिकेतोऽत्यस्राक्षीः ।
नैताꣳसृङ्कां वित्तमयीमवाप्तो यस्यां मज्जन्ति बहवो मनुष्याः ॥३॥

नचिकेतः=હે નચિકેતા! (એ માણસોમાં), सः त्वम्=તમે (એવા નિઃસ્પૃહ છો કે), प्रियान् च=પ્રિય લાગનાર અને, प्रियरूपान्=અત્યંત સુંદર રૂપવાળા, कामान्=આ લોક અને પરલોકના સઘળા ભોગોને,

अभिध्यायन्=સારી પેઠે વિચાર કરીને, अत्यस्राक्षीः=તમે છોડી દીધા, एताम् वित्तमयीम् सङ्काम्-આ સંપત્તિરૂપ સાંકળ(બેડી)ને, न अवाप्तः=(તમે) પ્રાપ્ત થયા નહીં (એના બંધનમાં ન ફસ્યા), यस्याम्=જેમાં, बहवः मनुष्याः=ઘણાખરા માણસો, मज्जन्ति=ફસાઈ જાય છે. ૩

હે નચિકેતા ! પુત્ર, સંપત્તિ-ધન વગેરે પ્રિય અને અપ્સરા વગેરે પ્રિયરૂપ ભોગોને, તેઓ અસાર છે એમ તેં સમજીને ત્યજી દીધા છે અને જેમાં ઘણા માણસો ડૂબી જાય છે તે આ ધનરૂપ નિંદિત ગતિને તું પ્રાપ્ત થયો નહિ અર્થાત્ તું એમાં ફસાયો નથી. ૩

ભાષ્ય : હે નચિકેતા ! મેં તને અનેક પ્રકારનાં પ્રલોભનો આપ્યાં તોપણ પુત્ર વગેરે પ્રિય તથા અપ્સરા વગેરે પ્રિયરૂપ ભોગોને અસાર અને અનિત્ય જાણીને તેં તેમનો પરિત્યાગ કરી દીધો એવી તારી બુદ્ધિમત્તાને ધન્ય છે. મૂઢ અને અજ્ઞાની પુરુષો જ જેમાં પ્રવૃત્ત થતા હોય છે તે વિત્તમયી—સમ્પત્તિયુક્ત નિંદિત ગતિને તું પ્રાપ્ત થયો નથી. એ માર્ગમાં ઘણા મૂઢ પુરુષો ફસાઈ જાય છે અર્થાત્ દુઃખ ભોગવે છે. ૩

'તેમાંના શ્રેયનું ગ્રહણ કરનારા માણસનું કલ્યાણ થાય છે ને જે પ્રેયને અપનાવે છે તે પુરુષાર્થથી પતિત થઈ જાય છે' એમ જે ઉપર (આ વલ્લીના પ્રથમ મંત્રમાં) કહેવામાં આવ્યું છે તેનું શું પ્રયોજન છે? શાથી તેમ કહેવામાં આવ્યું છે? (એ વિષે યમરાજ કહે છે,) કારણ કે—

दूरमेते विपरीते विषूची अविद्या या च विद्येति ज्ञाता ।
विद्याभीप्सिनं नचिकेतसं मन्ये न त्वा कामा बहवोऽलोलुपन्त ॥

या अविद्या=જે અવિદ્યા, च विद्या इति ज्ञाता=અને વિદ્યાના નામથી પ્રસિદ્ધ છે, एते=આ બંને, दूरम् विपरीते=પરસ્પર અત્યંત વિપરીત (અને), विषूची=ભિન્ન ભિન્ન ફળ આપનારી છે, नचिकेतसम्=(તમને) નચિકેતાને, विद्याभीप्सिनं मन्ये=હું વિદ્યાનો જ અભિલાષી

માનું છું, (કેમ કે), त्वा बहवः कामाः=તમને ઘણા બધા ભોગો, न अलोलुपन्त=કોઈ રીતે પણ લલચાવી શક્યા નહીં. ૪

જે વિદ્યા અને અવિદ્યારૂપથી જાણવામાં આવેલી છે તે બન્ને અત્યંત વિરુદ્ધ સ્વભાવવાળી અને વિપરીત ફળ આપનારી છે. હું નચિકેતાને (તમને) વિદ્યાનો અભિલાષી માનું છું કેમકે તમને અનેક પ્રકારના ભોગો (કોઈ પણ રીતે) લલચાવી શક્યા નહીં. ૪

ભાષ્ય : આ બંને પ્રકાશ અને અંધકારની પેઠે વિવેક અને અવિવેકરૂપ હોવાથી 'दूरम्' અર્થાત્ એ બે વચ્ચે મહાન અંતર હોવા સાથે એકબીજાથી વિપરીત છે-પરસ્પર એકબીજાથી વીંટળાયેલાં છે; વળી વિષૂચી અર્થાત્ વિવિધ પ્રકારની ગતિવાળાં એટલે કે એ બંને તત્ત્વો સંસાર અને મોક્ષના હેતુરૂપ હોવાથી જુદા જુદા પ્રકારના ફળથી યુક્ત છે. એવાં એ તત્ત્વો ક્યાં છે? એ વિષે કહે છે કે, પંડિતો વડે પ્રેયને વિષય કરનારી અવિદ્યા તથા શ્રેયને વિષય કરનારી વિદ્યારૂપથી તે તત્ત્વો જાણવામાં આવે છે. તે બંનેમાં તને નચિકેતાને હું વિદ્યાનો અભિલાષી અર્થાત્ વિદ્યાનો અર્થી માનું છું. શાથી એમ માનું છું? એનું કારણ એ છે કે, અવિવેકીઓની બુદ્ધિને લોભાવનારા અપ્સરા વગેરે અનેક પ્રકારના ભોગો પણ તને લોભાવી શક્યા નહીં-તેમણે તારા હૃદયમાં પોતાને ભોગવવાની ઇચ્છા ઉત્પન્ન કરીને તેને શ્રેયના માર્ગથી વિચલિત કર્યો નહીં; એટલા માટે હું તને વિદ્યાનો અર્થી એટલે શ્રેયનો અધિકારી માનું છું-આ એનો આશય છે. ૪

અવિદ્યામાં ફસાયેલાઓની દુર્દશા

પરંતુ જેઓ સંસારના અધિકારી છે—

अविद्यायामन्तरे वर्तमानाः स्वयं धीराः पण्डितंमन्यमानाः ।
दन्द्रम्यमाणाः परियन्ति मूढा अन्धेनैव नीयमाना यथान्धाः ॥५

अविद्यायामन्तरे वर्तमानाः=અવિદ્યામાં રહેવા છતાંય, स्वयं धीराः=પોતાની જાતને બુદ્ધિમાન (અને), पण्डितम् मन्यमानाः=વિદ્વાન માનનારા, मूढाः=(ભોગને ઇચ્છનારા) તે મૂર્ખ માણસો, दन्द्रम्यमाणाः=વિવિધ યોનિઓમાં ચારે ચારે બાજુ ભટક્યા કરી, (तथा) परियन्ति=બરાબર તેવી જ રીતે અથડાતા રહે છે, यथा=જેવી રીતે, अन्धेन एव नीयमानाः=આંધળા વડે દોરાતા, अन्धाः=આંધળાઓ પોતાના ઇષ્ટ સ્થળે ન પહોંચતાં આમતેમ ભટકતા–અથડાતા કષ્ટ પામે છે. ૫

તે અવિદ્યામાં રહેનારા, પોતાની જાતે જ મહાન બુદ્ધિશાળી બની બેઠેલા ને પોતાને પંડિત માનનારા મૂર્ખ–માણસો આંધળા વડે દોરાતા આંધળા માણસની પેઠે અનેક કુટિલ ગતિઓની ઇચ્છા કરતા રહીને ભટકતા ફરે છે. ૫

ભાષ્ય : તેઓ ગાઢ અંધકાર જેવી અવિદ્યામાં ફસાયેલા રહી પુત્ર–પશુ વગેરે અનેક તૃષ્ણારૂપી જાળમાં બંધાઈને વ્યવહારમાં લાગેલા રહે છે. જેવી રીતે આંધળા માણસ વડે દોરાઈ વિષમ માર્ગમાં લઈ જવાતા ઘણા આંધળાઓ મહાન અનર્થને પ્રાપ્ત થાય છે; અર્થાત્ ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય છે તેવી જ રીતે 'અમે મોટા ધીર એટલે બુદ્ધિમાન છીએ ને પંડિત અર્થાત્ શાસ્ત્રોમાં કુશળ છીએ' આ પ્રમાણે પોતાની જાતને માનનારા તે મૂઢ–અવિવેકી પુરુષો નાના પ્રકારની અત્યંત કુટિલ ગતિઓની ઇચ્છા કરતા રહી જરા, મરણ અને રોગ વગેરે દુ:ખોથી પિડાઈને આમતેમ ભટકતા ફરે છે. ૫

એટલા માટે મૂઢતાને લીધે–

न साम्परायः प्रतिभाति बालं प्रमाद्यन्तं वित्तमोहेन मूढम् ।
अयं लोको नास्ति पर इति मानी पुनः पुनर्वशमापद्यते मे ॥६॥

वित्तमोहेन मूढम्=આ પ્રમાણે સંપત્તિના મોહથી મૂઢ બનેલાને, प्रमाद्यन्तम् बालम्=હમેશાં પ્રમાદ કરનારા અજ્ઞાનીને, साम्परायः=પરલોક, न प्रतिभाति=સૂઝતો નથી, अयम् लोकः=(તે એમ સમજે છે કે) આ

પ્રત્યક્ષ દેખાતો લોક જ સત્ય છે, परः न अस्ति=એના સિવાય બીજું (સ્વર્ગ–નરક વગેરે) કાંઈ પણ નથી, इति मानी=આ પ્રમાણે માનનારો અભિમાની માણસ, पुनः पुनः=વારંવાર, मे वशम्=મારા (યમરાજના) તાબામાં, आपद्यते=આવે છે. ૬

ધનના મોહથી અંધ બનેલા ને પ્રમાદી તે મૂર્ખ માણસને પરલોકનું સાધન સૂઝતું નથી. આ લોક છે, પરલોક નથી, એમ માનનારો માણસ વારંવાર મારા વશમાં આવે છે. ૬

ભાષ્ય : તેને પરલોકનો ખ્યાલ જ આવતો નથી. મરણ પછી જેના પ્રતિ ગમન કરવામાં આવે છે તેને સામ્પરાય–પરલોક કહેવામાં આવે છે. તેની પ્રાપ્તિ જ જેનું પ્રયોજન છે તે સાધનવિશેષ શાસ્ત્રીય સામ્પરાય છે. તે બાળ અર્થાત્ અવિવેકી પુરુષની સમક્ષ પ્રકાશિત થતું નથી; અર્થાત્ તેના ચિત્ત આગળ તે ઉપસ્થિત થતું નથી. તેવી જ રીતે જે પ્રમાદ કરનારો છે–જેનું ચિત્ત પુત્ર–પશુ વગેરે પ્રયોજનોમાં જ આસક્ત છે ને જે ધનના મોહથી અર્થાત્ ધનનિમિત્તના અવિવેકથી મૂઢ છે. અર્થાત્ અજ્ઞાનથી ઘેરાયેલો છે (તે મૂઢને પરલોકનું સાધન સૂઝતું નથી.) 'આ જે સ્ત્રી અને અન્ન–પાનાદિ વિશિષ્ટ દેખાતો લોક છે બસ તે જ છે, એનાથી બીજો કોઈ (સ્વર્ગાદિ) લોક નથી.' આ પ્રમાણે માનનારો માણસ વારંવાર જન્મ લઈ મારે (મૃત્યુને) તાબે થાય છે; અર્થાત્ તે જન્મ–મરણરૂપ દુઃખ-પરંપરા પર આરૂઢ થયેલો હોય છે. ઘણું કરીને આ લોક આવા જ પ્રકારનો છે. ૬

આત્મજ્ઞાનની દુર્લભતા

श्रवणायापि बहुभिर्यो न लभ्यः शृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ॥७॥

यः बहुभिः=જે (આત્મતત્ત્વ) ઘણાઓને તો, श्रवणाय अपि= સાંભળવા માટે પણ, न लभ्यः=મળતું નથી, यम्=જેને, बहवः=ઘણા માણસો,

शृण्वन्तः अपि=સાંભળીને પણ, न विद्युः=સમજી શકતા નથી, अस्य=એવા આ ગૂઢ આત્મતત્ત્વનું, वक्ता आश्चर्यः=વર્ણન કરનારો મહાપુરુષ આશ્ચર્યમય છે (ઘણો દુર્લભ છે), लब्धा कुशलः=તેને પ્રાપ્ત કરનારું પણ અતિ કુશળ (સફળ જીવન) કોઈક જ હોય છે, कुशलानुशिष्टः= ને જેને તત્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ છે એવા જ્ઞાની મહાપુરુષ વડે શિક્ષણ પામેલો, ज्ञाता=આત્મતત્ત્વને જાણનારો પણ, आश्चर्यः=આશ્ચર્યમય છે (અત્યંત દુર્લભ છે). ૭

જે (આત્મા) ઘણાઓને તો સાંભળવા માટે પણ મળતો નથી, જેને વિષે અનેકો સાંભળ્યા પછી તેને સમજતા નથી કે સમજી શકતા નથી તે આત્મતત્ત્વનું નિરૂપણ કરનારો પણ આશ્ચર્યરૂપ છે અર્થાત્ ઘણો દુર્લભ છે, તેને પ્રાપ્ત કરનારો પણ કોઈ નિપુણ પુરુષ જ હોય છે; તેમ જ કુશળ આચાર્ય વડે ઉપદેશ કરાયેલો તેને જાણનારો પણ આશ્ચર્યરૂપ એટલે અત્યંત દુર્લભ છે. ૭

ભાષ્ય : જે આત્મા ઘણાઓને તો સાંભળવા પણ મળતો નથી; ને બીજા ઘણા અભાગી, અશુદ્ધચિત્ત માણસો જે આત્મતત્ત્વને સાંભળીને પણ જાણી શકતા નથી; એટલું જ નહિ, એનો વક્તા પણ આશ્ચર્ય અર્થાત્ અદ્ભુત જેવો જ છે-તે પણ ઘણાઓમાંથી કોઈક જ હોય છે. વળી સાંભળ્યા પછી પણ આ આત્માને ગ્રહણ કરનારો તો અનેકોમાં કોઈ નિપુણ પુરુષ જ હોય છે, કેમ કે (આત્મદર્શનમાં) કુશળ આચાર્યે જેને ઉપદેશ કર્યો હોય એવો એનો જ્ઞાતા પણ આશ્ચર્યરૂપ જ છે. ૭

કેમ કે-

न नरेणावरेण प्रोक्त एष सुविज्ञेयो बहुधा चिन्त्यमानः ।
अनन्यप्रोक्ते गतिरत्र नास्ति अणीयान्ह्यतर्क्यमणुप्रमाणात् ॥८॥

अवरेण नरेण प्रोक्तः=અલ્પજ્ઞ મનુષ્ય વડે કહેવાયાથી, बहुधा

चिन्त्यमानः=(ને તે પ્રમાણે) ઘણી રીતે ચિંતન કર્યા છતાં પણ, एषः=આ આત્મતત્ત્વ, सुविज्ञेयः न=સહેજે સમજાય તેવું નથી, अनन्यप्रोक्ते=કોઈ બીજા જ્ઞાની પુરુષ વડે ઉપદેશ ન કરવામાં આવે તો, अत्र गतिः न अस्ति=આ વિષયમાં મનુષ્યનો પ્રવેશ થતો નથી, हि अणुप्रमाणात्=કેમ કે આ અત્યંત સૂક્ષ્મ વસ્તુ કરતાં પણ, अणीयान्=વધુ સૂક્ષ્મ છે, अतर्क्यम्=(એટલા માટે) તર્કથી અતીત છે અર્થાત્ એના વિષે તર્ક પણ કરી શકાતો નથી. ૮

અનેક રીતે ચિંતન કરાયેલો આ આત્મા અલ્પજ્ઞ મનુષ્ય વડે જણાવાતાં સારી રીતે સમજી શકાય તેવો નથી. અભેદદર્શી કોઈ બીજા જ્ઞાની પુરુષ આ આત્મતત્ત્વ વિષે ઉપદેશ ન કરે તો આ વિષયમાં મનુષ્યનો પ્રવેશ થતો નથી કેમકે અત્યંત સૂક્ષ્મ વસ્તુ કરતાં પણ વધુ સૂક્ષ્મ છે ને અતર્ક્ય હોવાથી દુર્વિજ્ઞેય પણ છે. ૮

ભાષ્ય : આ આત્મા, જેને વિષે તમે મને પૂછી રહ્યા છો તે કોઈ અવર–હીન અર્થાત્ અલ્પબુદ્ધિ મનુષ્યના કહેવાથી સારી રીતે જાણી શકાય તેવો નથી; કારણ કે વાદીઓ અસ્તિ–નાસ્તિ (છે–નથી) કર્તા–અકર્તા તેમ જ શુદ્ધ—અશુદ્ધ આ પ્રમાણે અનેક રીતે એ આત્માનું ચિંતન કરતા હોય છે.

વારુ, તો પછી એ (આત્મા) કઈ રીતે જાણી શકાય છે? એ વિષે કહે છે : અનન્યપ્રોક્ત–અનન્ય અર્થાત્ પોતાના પ્રતિપાદ્ય બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયેલા અપૃથગ્દર્શી એટલે અભેદ દૃષ્ટિવાળા આચાર્યના કહેવાથી આ આત્મામાં અસ્તિ–નાસ્તિરૂપ ગતિ એટલે ચિંતા નથી; કારણ કે આત્મા સર્વ વિકલ્પોની ગતિથી રહિત છે.

અથવા અનન્યપ્રોક્ત–પોતાના સ્વરૂપભૂત અનન્ય આત્મા વિષે ગુરુ વડે ઉપદેશ કરવામાં આવતાં અન્ય જ્ઞેય વસ્તુનો અભાવ થવાને લીધે તેમાં કોઈ ગતિ અર્થાત્ બીજી કોઈ અવગતિ (જ્ઞાન)

રહેતી નથી; કારણ કે આત્માના એકત્વનું વિજ્ઞાન જ જ્ઞાનની પરાનિષ્ઠા છે, એટલે જ્ઞેય વસ્તુનો અભાવ થયા પછી અન્ય કોઈ ગતિ અહીં બાકી રહેતી નથી; અથવા તે અનન્ય અર્થાત્ સ્વાત્મભૂત આત્મતત્ત્વનો ઉપદેશ અપાયા પછી સંસારની ગતિ રહેતી નથી; કારણ કે તે પછી તરત જ આત્મવિજ્ઞાનના ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અથવા હવે પછી જેનું વર્ણન કરવામાં આવશે તે બ્રહ્માત્મભૂત આચાર્યે ઉપદેશ કરેલા આ આત્મતત્ત્વમાં અગતિ—અનવબોધ અર્થાત્ અપરિજ્ઞાન રહેતું નથી; એટલે આચાર્યની પેઠે તે શ્રોતાને પણ 'તે (બ્રહ્મ) હું છું.' આ આત્મવિષયક જ્ઞાન થઈ જ જાય છે.

આ પ્રમાણે શાસ્ત્રને જાણનારા આચાર્યે અભિન્નરૂપથી કહેલો આત્મા સારી પેઠે જાણી શકાય છે, એમ ન થાય તો આ અણુ જેવડી વસ્તુ કરતાં પણ અણુ થઈ જાય છે; પોતાની બુદ્ધિના કેવળ તર્ક વડે એનું જ્ઞાન થઈ શકતું નથી. વળી જો કોઈ પુરુષ તર્ક વડે તે અણુ જેવડા આત્માને સ્થાપિત કરે તોપણ બીજો કોઈ તેના કરતાં પણ અણુતર ને વળી ત્રીજો તેના કરતાંય અત્યંત અણુ અર્થાત્ અણુતમ આત્મા સ્થાપિત કરી દેશે; કારણ કે કુતર્ક ક્યાંય અટકતો નથી. ૮

नैषा तर्केण मतिरापनेया प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ ।
यां त्वमापः सत्यधृतिर्बतासि त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा ॥

પ્રેષ્ઠ—હે પ્રિયતમ ! याम् त्वम् आपः=જે તમે પામ્યા છો, एषा मतिः=(તે) આ બુદ્ધિ, तर्केण न आपनेया=તર્કથી મળી શકતી નથી. (આ તો), अन्येन प्रोक्ता एव=બીજા વડે કહેવાયેલી જ, सुज्ञानाय=આત્મજ્ઞાનમાં નિમિત્ત, (भवति)=થાય છે. बत=ખરેખર, (તમે) सत्यधृतिः=ઉત્તમ ધૈર્યવાળા, असि=છો, नचिकेतः હે નચિકેતા ! (અમે ઇચ્છીએ છીએ કે), त्वादृक्=તમારા જેવો જ. प्रष्टा=પૂછનારો, नः भूयात्=અમને

મળ્યા કરે. ૯

હે વત્સ ! સમ્યક્ જ્ઞાન માટે શુષ્ક તાર્કિક આચાર્યથી ભિન્ન એવા શાસ્ત્રના જાણનારાં આચાર્યે કહેલી આ બુદ્ધિ જેને તમે પામ્યા છો તે તર્કથી મળી શકતી નથી. ખરેખર ! તમે ઉત્તમ ધૈર્યવાળા છો. હે નચિકેતા ! અમને તમારા જેવો જ પ્રશ્ન પૂછનારો મળ્યા કરે. ૯

ભાષ્ય : એટલા માટે અભેદદર્શી આચાર્યે ઉપદેશેલા આત્મામાં ઉત્પન્ન થયેલી જે આ શાસ્ત્રપ્રતિપાદ્ય આત્મવિષયક મતિ છે તે વિતર્ક માત્રથી પ્રાપ્ત થવા યોગ્ય નથી; અથવા (એમ સમજો કે) આ આત્મબુદ્ધિ તર્કશક્તિથી ત્યાગ કરવા યોગ્ય નથી; કારણ કે તાર્કિક તો અધ્યાત્મશાસ્ત્રથી અજાણ હોય છે. તે પોતાની બુદ્ધિની કલ્પના કરી મન ફાવે તે બોલ્યા કરે છે; તેથી હે પ્રેષ્ઠ-વત્સતમ ! આ જે શાસ્ત્રજનિત આત્મબુદ્ધિ છે તે તો તાર્કિકથી ભિન્ન કોઈ શાસ્ત્ર જાણનારા આચાર્ય ઉપદેશ કરે તો જ તે સમ્યક્જ્ઞાનનું કારણ બને છે.

ઠીક, તો પછી તર્કથી ન મળી શકે એવી મતિ કઈ છે ? તે વિષે કહે છે : જે મતિને તેં મારા વરપ્રદાનથી પ્રાપ્ત કરી છે, તે તારી ધૃતિ સત્ય અર્થાત્ યથાર્થ પદાર્થને વિષય કરનારી છે માટે તું સત્યધૃતિ છે. 'बत' આ અવ્યયથી દયા કરતા યમરાજ હવે પછી કહેવામાં આવનારા વિજ્ઞાનની સ્તુતિ માટે નચિકેતાને કહે છે : 'હે નચિકેતા ! અમને તારા જેવો પ્રશ્ન કરનારો બીજો પુત્ર અથવા શિષ્ય મળે; પરંતુ તે પણ તારા જેવો જ મળે.' ૯

કર્મફળની અનિત્યતા

जानाम्यहं शेवधिरित्यनित्यं न ह्यध्रुवैः प्राप्यते हि ध्रुवं तत् ।
ततो मया नाचिकेतश्चितोऽग्निरनित्यैर्द्रव्यैः प्राप्तवानस्मि नित्यम् ॥

अहं जानामि=હું જાણું છું કે, शेवधिः=કર્મફળરૂપ નિધિ, अनित्यम्

इति=અનિત્ય છે, हि अध्रुवैः=કારણ કે અનિત્ય (વિનાશશીલ) વસ્તુ-ઓથી, तत् ध्रुवम्=તે નિત્ય (તત્ત્વ) પરમાત્મા, न हि प्राप्यते=મળી શકતો નથી, तत्=તેથી मया=એટલે મારા વડે (કર્તવ્યબુદ્ધિથી), अनित्यैः द्रव्यैः=અનિત્ય પદાર્થોથી, नाचिकेतः=નાચિકેત નામના, अग्निः चितः=અગ્નિનું ચયન કરવામાં આવ્યું (અનિત્ય ભોગોની પ્રાપ્તિ માટે નહિ, એથી તે નિષ્કામભાવની અપૂર્ણ શક્તિથી હું), नित्यम्=નિત્ય વસ્તુ પરમાત્માને, प्राप्तवान् अस्मि=પામ્યો છું. ૧૦

હું એ જાણું છું કે, કર્મફળરૂપનિધિ અનિત્ય છે. કારણ કે અનિત્ય સાધનોથી તે નિત્ય (આત્મા) પ્રાપ્ત કરી શકાતો નથી; એટલે મારા વડે નાચિકેત અગ્નિનું ચયન કરવામાં આવ્યું. તે અનિત્ય પદાર્થોથી જ હું (આપેક્ષિક) નિત્ય(યમરાજાના સ્થાન)ને પામ્યો છું. ૧૦

ભાષ્ય : જેને માટે નિધિ(ખજાના)ની જેમ પ્રાર્થના કરવામાં આવે છે તે કર્મફળરૂપ નિધિ જ 'શેવધિ' છે. આ અનિત્ય છે એમ હું જાણું છું; વળી આ અનિત્ય અર્થાત્ અસ્થિર સાધનોથી તે પરમાત્મા નામનો નિત્ય-સ્થિર નિધિ મેળવી શકાતો નથી; કેમ કે જે નિધિ અનિત્ય સુખસ્વરૂપ છે તે જ અનિત્ય પદાર્થોથી પ્રાપ્ત થાય છે. એટલા માટે 'અનિત્ય સાધનોથી નિત્યની પ્રાપ્તિ થતી નથી' એવું જાણ્યા છતાંયે મેં નાચિકેત અગ્નિનું ચયન કર્યું હતું; અર્થાત્ પશુ વગેરે અનિત્ય પદાર્થોથી સ્વર્ગસુખના સાધનસ્વરૂપ તે અગ્નિને મેળવ્યો હતો તેનાથી મેં અધિકાર મેળવીને આપેક્ષિક નિત્ય સ્વર્ગ નામના યામ્ય સ્થાનને મેળવ્યું છે. ૧૦

નચિકેતાના ત્યાગની પ્રશંસા

कामस्याप्तिं जगतः प्रतिष्ठां क्रतोरनन्त्यमभयस्य पारम् ।
स्तोममहदुरुगायं प्रतिष्ठां दृष्ट्वा धृत्या धीरो नचिकेतोऽत्यस्राक्षीः ॥

नचिकेत:=હે નચિકેતા, कामस्य आप्तिम्=જે સર્વ પ્રકારના ભોગોની અવધિ છે, जगतः प्रतिष्ठाम्=જે જગતનો આધાર છે, क्रतोः अनन्त्यम्=યજ્ઞનું ચિરસ્થાયી ફળ છે, अभयस्य पारम्=નિર્ભયતાની અવધિ છે, (અને) स्तोममहत्=સ્તુતિ કરવા યોગ્ય તેમ જ મહત્ત્વપૂર્ણ છે (તથા), उरुगायत्=વેદોમાં જેના ગુણો નાના પ્રકારથી ગાવામાં આવ્યા છે, प्रतिष्ठाम्=(અને) જે લાંબા સમય સુધી રહેનાર છે એવા સ્વર્ગલોકને दृष्ट्वा धृत्या=જોઈને પણ તમે ધૈર્યપૂર્વક, अत्यस्राक्षीः=તેનો ત્યાગ કર્યો, (अतः)=તેથી હું માનું છું કે, धीरः (असि)=(તમે ઘણા જ) બુદ્ધિમાન છો. ૧૧

હે નચિકેતા! તમે તો ઘણા જ બુદ્ધિમાન છો, ભોગોની સમાપ્તિ (અવધિ), જગતની પ્રતિષ્ઠા અર્થાત્ જગતનો આધાર, યજ્ઞનું ચિરસ્થાયી ફળ, નિર્ભયતાની મર્યાદા તેમ જ સ્તુતિ કરવા યોગ્ય અને વેદોમાં જેનાં અનેક પ્રકારે ગુણગાન કરવામાં આવ્યાં છે ને જે ચિરસ્થાયી છે એવા અણિમાદિ ઐશ્વર્યથી યુક્ત સ્વર્ગલોકને જોઈને પણ તમે ધૈર્યપૂર્વક તેનો ત્યાગ કર્યો એ કંઈ સાધારણ વાત નથી. ૧૧

ભાષ્ય : પરંતુ હે નચિકેતા! તમે તો ધીર—ધૃતિમાન બનીને કામનાઓની પ્રાપ્તિ—સમાપ્તિને—કેમ કે આ (હિરણ્યગર્ભ પદ)માં જ સર્વ કામનાઓ સમાપ્ત થઈ જાય છે તથા સર્વાત્મક હોવાને લીધે અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવરૂપ જગતની પ્રતિષ્ઠા અર્થાત્ આશ્રયને, યજ્ઞના અનન્ત્ય—આનન્ત્ય એટલે અનંત ફળ હિરણ્યગર્ભ પદને, અભયની પાર અર્થાત્ પરાનિષ્ઠાને અને સ્તોમ—સ્તુત્ય તેમ જ મહાન—અણિમાદિ ઐશ્વર્ય વગેરે અનેક ગુણોના સમૂહથી યુક્ત, આ પ્રમાણે જે સ્તોમ છે ને મહાન પણ છે એમ સર્વોત્કૃષ્ટ હોવાને લીધે સ્તોમમહત્ ઉરુગાય—વિસ્તીર્ણ ગતિને તથા પ્રતિષ્ઠા—પોતાની સર્વોત્તમ સ્થિતિ

જોઈને પણ તેનો ધૈર્યપૂર્વક ત્યાગ કર્યો; અર્થાત્ કેવળ પર એટલે શ્રેષ્ઠ વસ્તુની જ ઇચ્છા કરતા રહીને આ સંપૂર્ણ સાંસારિક ભોગ-સમૂહનો પરિત્યાગ કર્યો; ખરેખર તમે ઉત્કૃષ્ટ ગુણોવાળા છો. ૧૧

આત્મજ્ઞાનનું ફળ

तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् ।
अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥ १२

गूढम्=યોગમાયાના પડદામાં છુપાયેલો, अनुप्रविष्टम्=સર્વવ્યાપી, गुहाहितम्=સર્વના હૃદયરૂપી ગુફામાં રહેલો (તેથી) गह्वरेष्ठम्=સંસારરૂપ ગહન વનમાં રહેનારા, पुराणम्=સનાતન એવા, तम् दुर्दर्शम् देवम्=ભાગ્યે જ જોવામાં આવતા તે પરમાત્મ દેવને, धीरः=શુદ્ધ બુદ્ધિથી યુક્ત સાધક, अध्यात्मयोगाधिगमेन=અધ્યાત્મયોગની પ્રાપ્તિ વડે, मत्वा=માનીને, हर्षशोकौ जहाति=હર્ષ અને શોકને છોડી દે છે. ૧૨

યોગમાયાના પડદામાં છુપાયેલા, સર્વવ્યાપી, હૃદય-રૂપી ગુફામાં રહેલા, સંસારરૂપ ગહન વનમાં રહેનારા, સનાતન અને ભાગ્યે જ જોવામાં આવતા એવા એને પરમાત્મ-દેવને શુદ્ધ બુદ્ધિથી યુક્ત સાધક—અધ્યાત્મયોગની પ્રાપ્તિથી જાણીને બુદ્ધિમાન પુરુષ હર્ષ અને શોકને છોડી દે છે. ૧૨

ભાષ્ય : જે આત્માને તમે જાણવા ઇચ્છો છો તે અતિ સૂક્ષ્મ હોવાને લીધે દુર્દર્શ છે. મુશ્કેલીથી જેનાં દર્શન થઈ શકે તેને દુર્દર્શ કહેવાય છે, ગૂઢ અર્થાત્ ગહન સ્થાનમાં અનુપ્રવિષ્ટ એટલે શબ્દાદિ પ્રાકૃત વિષયવિકારરૂપ વિજ્ઞાનથી છુપાયેલા, ગુહા—બુદ્ધિમાં ઉપલબ્ધ હોવાને લીધે તેમાં જ સ્થિત તથા ગહ્વરેષ્ઠ—ગહ્વર—વિષમ અર્થાત્ અનેક અનર્થોથી ઘેરાયેલા સ્થાનમાં રહેનારા દેવને જાણીને ધીર પુરુષ હર્ષ અને શોકને છોડી દે છે; કારણ કે આત્મા આ પ્રમાણે ગૂઢ સ્થાનમાં પ્રવેશેલો અને બુદ્ધિમાં રહેલો છે તેથી તે ગહ્વરેષ્ઠ છે

તેમ જ ગહ્વરેષ્ઠ હોવાને લીધે જ દુર્દર્શ છે.

તે પુરાણ એટલે પુરાતન દેવને, ચિત્તને વિષયોથી દૂર કરીને આત્મામાં જોડવારૂપ અધ્યાત્મયોગની પ્રાપ્તિ વડે જાણીને ધીર પુરુષ પોતાને ઉત્કર્ષ અને અપકર્ષનો અભાવ થઈ જવાથી હર્ષ–શોકને સર્વ રીતે છોડી દે છે. ૧૨

વળી :

एतच्छ्रुत्वा सम्परिगृह्य मर्त्यः प्रवृह्य धर्म्यमणुमेतमाप्य ।
स मोदते मोदनीयꣳहि लब्ध्वा विवृतꣳसद्म नचिकेतसं मन्ये ॥

मर्त्यः=મનુષ્ય (જ્યારે) एतत्=આ, धर्म्यम्=ધર્મમય (ઉપદેશને), श्रुत्वा=સાંભળીને, सम्परिगृह्य=સારી રીતે ગ્રહણ કરીને, प्रवृह्य=(અને) તે પર વિવેકપૂર્વક વિચાર કરીને, एतम्=આ, अणु=સૂક્ષ્મ આત્મ-તત્ત્વને, आप्य=જાણીને અનુભવ કરી લે છે, (ત્યારે), सः=તે, मोदनीयम्=આનંદસ્વરૂપ પરબ્રહ્મ પુરુષોત્તમને, लब्ध्वा=પામીને, हि मोदते=આનંદ-માં જ મગ્ન થઈ જાય છે, नचिकेतसम्=(તમે) નચિકેતાને માટે विवृतम् सद्म मन्ये=(હું) પરમ ધામનાં દ્વાર ઉઘડેલાં માનું છું. ૧૩

મનુષ્ય જ્યારે આ ધર્મમય ઉપદેશ સાંભળીને, સારી રીતે ગ્રહણ કરીને અને તે પર વિવેકપૂર્વક વિચાર કરીને આ સૂક્ષ્મ આત્મતત્ત્વને જાણીને અનુભવ કરી લે છે, ત્યારે તે આનંદસ્વરૂપ પરબ્રહ્મ પુરુષોત્તમને પામીને આનંદમાં જ મગ્ન થઈ જાય છે. નચિકેતા માટે હું પરમ ધામનાં દ્વાર ઉઘડેલાં માનું છું. ૧૩

भाष्य : હવે જેનું હું વર્ણન કરીશ તે આત્મતત્ત્વને સાંભળીને આચાર્યની કૃપાથી સારી પેઠે આત્મભાવથી ગ્રહણ કરી મરણધર્મા મનુષ્ય આ ધર્મ્ય–ધર્મવિશિષ્ટ આત્માને શરીર વગેરેથી પૃથક્ કરીને તથા આ અણુ અર્થાત્ સૂક્ષ્મ અને મોદનીય, હર્ષયોગ્ય આત્માને

પ્રાપ્ત કરી તે મરણશીલ વિદ્વાન આનંદ પામે છે. આ પ્રમાણે વિદ્વાન નચિકેતાને માટે હું બ્રહ્મભાવને ખુલ્લાં બારણાંવાળો હોવાનું માનું છું. અભિપ્રાય એ છે કે, હું તમને અર્થાત્ નચિકેતાને મોક્ષને યોગ્ય હોવાનું માનું છું. તમે મોક્ષને લાયક છો. ૧૩

(નચિકેતા બોલ્યા:) ભગવન્! જો હું મોક્ષને પ્રાપ્ત કરવા યોગ્ય હોઉં ને આપ મારા પર પ્રસન્ન હો તો:

સર્વથી અતીત વસ્તુવિષયનો પ્રશ્ન

अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् ।
अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥१४॥

यत् तत्=જે તે પરમેશ્વરને, धर्मात् अन्यत्र=ધર્મથી અતીત, अधर्मात् अन्यत्र=અધર્મથી પણ અતીત, च=તેમ જ, अस्मात् कृताकृतात्= આ કાર્ય અને કારણરૂપ સંપૂર્ણ જગતથી પણ, अन्यत्र= ભિન્ન, च= અને, भूतात् भव्यात्=ભૂત, વર્તમાન તેમ જ ભવિષ્ય ત્રણે કાળોથી તથા એમની સાથે સંબંધ રાખનારા પદાર્થોથી પણ, अन्यत्र=પૃથક્, पश्यसि= (આપ) જાણો છો, तत्=તે, वद=(મને) કહો. ૧૪

જે ધર્મથી અતીત અર્થાત્ જુદા છે, અધર્મથી પૃથક્ છે અને જે ભૂત, વર્તમાન તેમ જ ભવિષ્યથી પણ અન્ય છે ને એ ત્રણે કાળ સાથે સંબંધ રાખનારા પદાર્થોથી પણ ભિન્ન છે—એવું આપ જેને જુઓ છો—જાણો છો તે જ મને કહો. ૧૪

भाष्य: જે ધર્મ એટલે શાસ્ત્રીય ધર્માનુષ્ઠાન, તેનાં ફળ તથા (કર્તા, કરણ વગેરે) કારકોથી પૃથક્ છે; તેમ જ જે અધર્મથી ભિન્ન છે અને કૃત—કાર્ય તથા અકૃત કારણથી આ પ્રમાણે આ કાર્ય-કારણ(સ્થૂલ, સૂક્ષ્મ પ્રપંચ)થી પણ પૃથક્ છે; એટલું જ નહીં પણ ભૂત અર્થાત્ વીતી ગયેલા, ભવ્ય આવનારા અને વર્તમાન કાળથી

પણ અન્યત્ર છે; તાત્પર્ય એ છે કે, જે ત્રણે કાળથી પરિચ્છિન્ન અર્થાત્ માપેલ નથી, એવી જે સર્વ વ્યવહારવિષયથી અતીત ભિન્ન વસ્તુને આપ જુઓ છો તે મને કહો. ૧૪

નચિકેતાએ પ્રમાણે પૂછવાથી પૂછેલી વસ્તુ અને તેના અન્ય વિશેષણને બતાવવાની ઇચ્છાથી યમરાજે કહ્યું :

ૐકારનો ઉપદેશ

सर्वे वेदा यत्पदमामनन्ति तपाꣳसि सर्वाणि च यद्वदन्ति।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदꣳसंग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

सर्वे वेदाः=સર્વ વેદો, यत् पदम्=જે પરમ પદનું, आमनन्ति=વારંવાર પ્રતિપાદન કરે છે, च=અને, सर्वाणि तपांसि=સર્વ તપો, यत्=જે પદનું वदन्ति=લક્ષ્ય કરાવે છે, અર્થાત્ તે જેનાં સાધન છે, यत् इच्छन्तः=જેને ચાહનારા સાધકગણ, ब्रह्मचर्यम्=બ્રહ્મચર્યનું, चरन्ति=પાલન કરે છે, तत् पदम्=તે પદ, ते=તમને (હું) संग्रहेण=સંક્ષેપથી, ब्रवीमि=કહું છું, (તે છે) ओम्=ઓમ્, इति=એવો, एतत्=આ (એક અક્ષર). ૧૫

સર્વ વેદો જે પદનું વર્ણન કરે છે, સર્વ તપોને જેની પ્રાપ્તિનાં સાધન કહેવામાં આવે છે, જેની ઇચ્છાથી (મુમુક્ષુ જન) બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે પદ હું તમને સંક્ષેપમાં કહું છું. આ 'ૐ' જ તે પદ છે. ૧૫

भाष्य : સર્વ વેદો જે પદ અર્થાત્ ગમન કરવાના સ્થાનનું અવિભાગરૂપથી અર્થાત્ એકરૂપથી આમનન–પ્રતિપાદન કરે છે. સર્વ તપો પણ જેના માટે જ હોવાનું કહે છે, અર્થાત્ એ તપો જે સ્થાનની પ્રાપ્તિ માટે છે, જેની કામનાથી ગુરુગૃહમાં નિવાસરૂપ બ્રહ્મચર્ય અથવા બ્રહ્મપ્રાપ્તિમાં ઉપયોગી અન્ય કોઈને સાધન બનાવે છે તે પદને, જેને કે તમે જાણવા ચાહો છો તેને હું સંક્ષેપમાં કહું છું. આ 'ૐ' જ તે પદ છે, આ જે 'ૐ' છે એટલે જે 'ૐ' શબ્દનું વાચ્ય ને 'ૐ' જ

જેનું પ્રતીક છે, તે જ તે પદ છે, જેને તમે જાણવા ચાહો છો. ૧૫

એટલા માટે–

एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम् ।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥१६॥

एतत्=આ, अक्षरम् एव हि=અક્ષર જ, ब्रह्म=બ્રહ્મ છે, (અને) एतत्=આ, अक्षरम् एव हि=અક્ષર જ, परम्=પરબ્રહ્મ છે, हि=તેથી, एतत् एव= આ જ, अक्षरम्=અક્ષરને, ज्ञात्वा=જાણીને, यः=જે, यत्=જેને इच्छति=ઇચ્છે છે, तस्य=તેને, तत्=તે જ (મળી જાય છે). ૧૬

આ અક્ષર જ બ્રહ્મ છે, આ અક્ષર જ પર છે; આ અક્ષરને જ જાણીને જે ઇચ્છા કરે છે તે જ તેનું થઈ જાય છે. ૧૬

भाष्य : આ અક્ષર જ અપર બ્રહ્મ છે ને આ અક્ષર જ પરબ્રહ્મ છે. આ અક્ષર, તે બન્નેયનું પ્રતીક છે. આ અક્ષરને જ 'આ જ ઉપાસ્ય બ્રહ્મ છે' એવું જાણીને જે પર અથવા અપર જે બ્રહ્મની ઇચ્છા કરે છે તેને તે જ પ્રાપ્ત થઈ જાય છે. જો તેનું ઉપાસ્ય પરબ્રહ્મ હોય તો માત્ર જાણી શકાય છે ને જો અપર બ્રહ્મ હોય તો પ્રાપ્ત કરી શકાય છે. ૧૬

આમ છે તેથી–

एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥१७॥

एतत्=આ જ, श्रेष्ठम्=અતિ ઉત્તમ, आलम्बनम्=આલંબન છે, एतत्=આ જ (સર્વનું), परम् आलम्बनम्=અંતિમ આશ્રય છે, एतत्=આ, आलम्बनम्=આલંબનને, ज्ञात्वा=સારી પેઠે જાણીને (સાધક), ब्रह्मलोके=બ્રહ્મલોકમાં, महीयते=ગૌરવશાળી થાય છે. ૧૭

આ ૐકાર જ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિને માટે સર્વ

પ્રકારનાં આલંબનોમાંથી સર્વથી શ્રેષ્ઠ આલંબન છે ને આ જ સર્વનો અંતિમ આશ્રય છે. એનાથી અન્ય કોઈ આલંબન નથી. આ રહસ્યને સારી પેઠે જાણીને જે સાધક શ્રદ્ધા અને પ્રેમથી એને આશ્રયે રહે છે તે ખરેખર પરમાત્માની પ્રાપ્તિનું પરમ ગૌરવ પામે છે. ૧૭

ભાષ્ય : આ (ૐકારરૂપ) આલંબન બ્રહ્મપ્રાપ્તિનાં (ગાયત્રી વગેરે) સર્વ આલંબનોમાં શ્રેષ્ઠ અર્થાત્ સર્વ કરતાં વધુ પ્રશંસનીય છે. પર અને અપર બ્રહ્મવિષયક હોવાને લીધે આ આલંબન પર અને અપરરૂપ છે; તાત્પર્ય એ છે કે, આ આલંબનને જાણીને સાધક બ્રહ્મ-લોક અર્થાત્ પરબ્રહ્મમાં સ્થિત થઈને ગૌરવશીલ બને છે, ને અપર બ્રહ્મમાં બ્રહ્મત્વને પામી બ્રહ્મની પેઠે ઉપાસનીય થાય છે. ૧૭

ઉપર કહેલા 'अन्यत्र धर्मात्' વગેરે શ્લોકની નચિકેતાએ પૂછેલા સર્વ વિશેષરહિત આત્માનો તથા મંદ અને મધ્યમ ઉપાસકો માટે અપર બ્રહ્મના પ્રતીક અને આલંબનરૂપથી ૐકારનો નિર્દેશ કરવામાં આવ્યો. હવે જેનું આલંબન ૐકાર છે તે આત્માના સ્વરૂપનો સાક્ષાત્ નિર્ણય કરવાની ઇચ્છાથી આ કહેવામાં આવે છે :

આત્મસ્વરૂપનિરૂપણ

न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित्।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

विपश्चित्=નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્મા, न जायते=જન્મતો નથી, न वा म्रियते=તેમ મરતો પણ નથી; अयम् न=ન તો આ પોતે, कुतश्चित्=કોઈથી થયો છે, (न) (એનાથી), कश्चित्=કોઈ પણ बभूव=થયું છે અર્થાત્ આ કોઈનું કાર્ય નથી, તેમ કોઈનું કારણ પણ નથી, अयम्=આ, अजः=અજન્મા, नित्यः=નિત્ય, शाश्वतः=હમેશાં એક-સરખો રહેનારો (અને) पुराणः=પુરાતન છે એટલે કે ક્ષય અને વૃદ્ધિથી

રહિત છે, शरीरे हन्यमाने=શરીરનો નાશ કરવામાં આવ્યા પછી પણ (એનો), न हन्यते=નાશ કરી શકાતો નથી. ૧૮

આ વિપશ્ચિત-મેધાવી આત્મા ઉત્પન્ન થતો નથી તેમ મરતો પણ નથી; આ પોતે કોઈથી થયો નથી તેમ એનાથી પણ કોઈ થયું નથી; અર્થાત્ આ કોઈનું કાર્ય નથી તેમ કોઈનું કારણ પણ નથી. આ અજન્મા, નિત્ય, હમેશાં એકસરખો રહેનારો અને પુરાતન છે એટલે કે ક્ષય અને વૃદ્ધિથી રહિત છે. શરીરનો નાશ થયા પછી પણ એનો નાશ કરી શકાતો નથી-એનો નાશ થતો નથી. ૧૮

ભાષ્ય : આ આત્મા ઉત્પન્ન થતો નથી તેમ મરતો પણ નથી. ઉત્પન્ન થનારી અનિત્ય વસ્તુમાં અનેક વિકાર હોય છે. અહીં આત્મામાં સર્વ વિકારોનો પ્રતિષેધ કરવા માટે 'न जायते म्रियते वा' આમ કહીને સર્વથી પ્રથમ તેમનામાંના જન્મ અને વિનાશરૂપ આદિ અને અંતના વિકારોનો નિષેધ કરવામાં આવે છે. ક્યારેય લુપ્ત ન થનારા ચૈતન્યરૂપ સ્વભાવને લીધે આત્મા વિપશ્ચિત અર્થાત્ મેધાવી છે.

વળી આ આત્મા ક્યાંકથી અર્થાત્ કોઈ અન્ય કારણથી ઉત્પન્ન થયો નથી તેમ અર્થાંતરરૂપે પોતાનાથી પણ થયો નથી. એટલા માટે આ આત્મા અજન્મા, નિત્ય અને શાશ્વત અર્થાત્ ક્ષયરહિત છે, કેમ કે જે અશાશ્વત હોય છે તે જ ક્ષીણ હોય છે. આ તો શાશ્વત છે તેથી પુરાતન પણ છે; અર્થાત્ પ્રાચીન હોઈને પણ નવીન જ છે; કારણ કે જે પદાર્થ અવયવોના ઉપચય(મેલ)થી નિષ્પન્ન કરાય છે તે જ 'અત્યારે નવો છે' એમ કહેવાય છે, જેમ કે ઘડો; પરંતુ આત્મા તેનાથી વિપરીત સ્વભાવવાળો છે એટલે તે પુરાણ-પુરાતન એટલે વૃદ્ધિથી રહિત છે. એ એવો હોવાથી શસ્ત્રાદિ વડે શરીરનો વધ કરવામાં આવ્યા છતાંય તે મરતો નથી. તેની હિંસા કરી શકાતી

નથી; અર્થાત્ શરીરમાં રહીને પણ તે આકાશની પેઠે નિર્લિપ્ત જ છે. ૧૮

हन्ता चेन्मन्यते हन्तुꣳहतश्चेन्मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायꣳहन्ति न हन्यते ॥ १९ ॥

चेत्=જો કોઈ, हन्ता=મારનાર વ્યક્તિ, हन्तुम्=મારવામાં પોતાને સમર્થ, मन्यते=(હોવાનું) માને છે (અને), चेत्=જો, हतः=(કોઈ) મરનારો, हतम्=પોતાના આત્માને મરેલો, मन्यते=માને છે (તો) तौ उभौ=તે બન્નેય, न विजानीतः=(આત્મસ્વરૂપને) જાણતા નથી; (કેમ કે अयम्=આ આત્મા, न हन्ति=(કોઈને) મારતો નથી (તેમ), न हन्यते= કોઈથી મરાતો પણ નથી. ૧૯

જો કોઈ મારનાર વ્યક્તિ આત્માને મારવામાં પોતાને સમર્થ હોવાનું માને છે અને મરનારો તેને (પોતાના આત્માને) મરાયેલો માને છે; તો તે બંનેય જણા તે-(આત્મસ્વરૂપ)ને જાણતા નથી; કેમકે આત્મા કોઈને મારતો નથી તેમ તે કોઈથી મરાતો નથી. ૧૯

भाष्य : એવા પ્રકારના આત્માને પણ કેવળ દેહને જ આત્મા માનનારો કોઈ પુરુષ જો કોઈને મારવાનો વિચાર કરે છે ને એમ માને છે કે હું એને મારીશ; તેમ જ બીજો મરનારો પણ 'હું મરાયો છું,' એમ પોતાના આત્માને મરાયેલો હોવાનું માને તે બન્ને જણ પોતાના આત્માને જાણતા નથી; કારણ કે આત્મા અવિકારી છે તેથી તે મારી શકતો નથી, તેમ જ આકાશની પેઠે અવિકારી હોવાથી તેને મારી પણ શકાતો નથી, એટલા માટે ધર્માધર્માદિરૂપ સંસાર આત્માને ન જાણનારાની જ સાથે સંબંધ રાખે છે, બ્રહ્મને જાણનારા સાથે સંબંધ રાખતો નથી; કેમ કે શ્રુતિના પ્રમાણથી અને યુક્તિથી પણ બ્રહ્મજ્ઞાની વડે ધર્મ–અધર્મ વગેરે (કાર્યો) થઈ શકતાં નથી.

આમ છે તો પછી મુમુક્ષુ પુરુષ આત્માને ક્યા રૂપથી જાણે છે, એ વિષે કહે છેઃ

अणोरणीयान्महतो महीयानात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।
तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मनः ॥

अस्य जन्तोः=આ જીવાત્માના, गुहायाम्=હૃદયરૂપ ગુફામાં, निहितः=રહેનારો, आत्मा=પરમાત્મા, अणोः अणीयान्=સૂક્ષ્મથી અતિસૂક્ષ્મ (અને), महतः महीयान्=મહાનથી પણ મહાન છે, आत्मनः तम् महिमानम्=પરમાત્માના તે મહિમાને, अक्रतुः=કામનારહિત (અને), वीतशोकः=ચિંતારહિત (કોઈ વિરલ સાધક), धातुप्रसादात्=સર્વના આધાર પરબ્રહ્મ પરમેશ્વરની કૃપાથી જ, पश्यति=જોવા પામે છે. ૨૦

અણુથી પણ અણુ ને મહાનથી પણ મહાન આ આત્મા જીવની હૃદયરૂપ ગુહામાં રહેલો છે. નિષ્કામ અને ચિંતારહિત કોઈ વિરલ પુરુષ જ પોતાની ઇંદ્રિયોના પ્રસાદથી અર્થાત્ સર્વના આધાર પરબ્રહ્મ પરમેશ્વરની કૃપાથી જ પરમાત્માના તે મહિમાને જોવા પામે છે.

ભાષ્ય : આત્મા અણુથી પણ અણુ અર્થાત્ સામા વગેરેના સૂક્ષ્મ કણથી પણ સૂક્ષ્મતર તેમ જ મહાનથી પણ મહાન અર્થાત્ પૃથ્વી વગેરે મહત્ પરિમાણવાળા પદાર્થોથી પણ મહત્તર છે. સંસારમાં અણુ અથવા મહત્પરિમાણવાળી જે કોઈ પણ વસ્તુ છે તે નિત્ય-સ્વરૂપ તે આત્માથી જ આત્મવાન (સ્વરૂપ સત્તાયુક્ત) થઈ શકે છે. આત્માથી ત્યજાતાં તે અસ્તિત્વ વિનાની અર્થાત્ સત્તારહિત થઈ જાય છે. માટે આ આત્મા જ અણુથી અણુ ને મહાનથી પણ મહાન છેઃ કારણ કે નામ અને રૂપવાળી સર્વ વસ્તુઓ એની ઉપાધિ છે. તે આત્મા જ બ્રહ્માથી લઈ તણખલા સુધી સર્વ પ્રાણીસમુદાયની હૃદયરૂપી ગુહામાં રહેલો છે; અર્થાત્ અંતરાત્મરૂપથી સ્થિતિ છે,

જોવું, સાંભળવું, મનન કરવું અને જાણવું એ જેનાં લક્ષણો છે તે આત્માને અક્રતુ–નિષ્કામ પુરુષ અર્થાત્ જેની બુદ્ધિ દૃષ્ટ અને અદૃષ્ટ બાહ્યવિષયોથી વિરામ પામેલી છે; કારણ કે જ્યારે આવી સ્થિતિ થાય છે, ત્યારે જ મન વગેરે ઇંદ્રિયો જોકે શરીરને ધારણ કરવાને લીધે ધાતુ કહેવાય છે તે–પ્રસન્ન થાય છે; આ ધાતુઓ પ્રસન્ન થવાથી તે પોતાના આત્માના કર્મના નિમિત્તને લઈને વૃદ્ધિ અને ક્ષયરહિત મહિમાને જુએ છે; અર્થાત્ આ વાતને તે ચોક્કસપણે જાણે છે કે, 'હું આ (આત્મા) છું,' (આ જાણીને) પછી તે શોકરહિત થઈ જાય છે. ૨૦

એ સિવાય સકામ પ્રાકૃત માણસો માટે આ આત્મા અતિ દુર્વિજ્ઞેય છે; અર્થાત્ ઘણી મહેનતે પણ જાણી શકાય તેવો નથી કારણ કે :

आसीनो दूरं व्रजति शयानो याति सर्वतः ।
कस्तं मदामदं देवं मदन्यो ज्ञातुमर्हति ॥ २१ ॥

आसीनः=(તે પરમેશ્વર) બેઠેલો જ, दूरं व्रजति=દૂર પહોંચી જાય છે, शयानः=સૂતેલો (પણ), सर्वतः याति=બધી બાજુએ ચાલતો રહે છે, तम् मदामदम् देवम्=તે ઐશ્વર્યના મદથી ઉન્મત્ત ન થનારા દેવને, मदन्यः कः=મારાથી બીજું કોણ, ज्ञातुम्=જાણવાને માટે, अर्हति=સમર્થ છે. ૨૧

તે (પરમેશ્વર) બેઠા હોવા છતાં અર્થાત્ અચલ હોવા છતાં પણ દૂર સુધી જાય છે, સૂતા હોવા છતાં પણ બધી બાજુએ ચાલતા રહે છે. ઐશ્વર્યના મદથી ઉન્મત્ત ન થનારા તે દેવને જાણવાને અધિકારી તેમનો કૃપાપાત્ર મારા (આત્મતત્ત્વને જાણનારા યમરાજ જેવા અધિકારી) વિના ભલા બીજો કોણ હોઈ શકે? ૨૧

ભાષ્ય : અચળ રહીને પણ તે લાંબે ચાલ્યો જાય છે, સૂતો રહીને પણ તે બધી બાજુએ પહોંચે છે. આ પ્રમાણે તે આત્મા દેવ સમદ અને અમદ અર્થાત્ હર્ષ સહિત અને હર્ષરહિત વિરુદ્ધ ધર્મોવાળો છે. તેથી જાણવામાં આવી શકે તેવો ન હોવાથી તે મદયુક્ત અને મદરહિત દેવને મારા વિના બીજું કોણ જાણી શકે એમ છે ? આ આત્મા અમારા જેવા સૂક્ષ્મબુદ્ધિ વિદ્વાનોને માટે જ સુવિજ્ઞેય છે. સ્થિતિ, ગતિ તેમ જ નિત્ય અને અનિત્ય વગેરે અનેક વિરુદ્ધ ધર્મરૂપ ઉપાધિવાળો અને વિપરીત ધર્મવાળો હોવાથી આ ચિંતામણિની પેઠે વિશ્વરૂપ સરખો ભાસે છે, તેથી 'મારા સિવાય બીજો કોણ તેને જાણવા યોગ્ય છે ?' એમ કહીને આત્માની દુર્વિજ્ઞેયતા દેખાડે છે. ઇંદ્રિયોનું શાંત થઈ જવું તે શયન છે.' શયન કરનારા પુરુષનું ઇંદ્રિયજનિત એકદેશ સંબંધી વિજ્ઞાન શાંત થઈ જાય છે. જે સમયે આવી અવસ્થા હોય છે તે સમયે કેવળ સામાન્ય વિજ્ઞાન હોવાથી તે બધી બાજુએ જતો હોય તેમ જણાય છે ને જ્યારે તે વિશેષ વિજ્ઞાનમાં સ્થિત થાય છે ત્યારે તો સ્વરૂપથી અવિચળ રહીને પણ મન વગેરે ઉપાધિઓવાળો હોવાથી મન વગેરેની તે ગતિઓમાં જતો હોય તેમ જણાય છે. ખરી રીતે તો અહીં જ રહે છે. ૨૧

હવે તે આત્માનું જ્ઞાન થવાથી શોકનો અંત થઈ જાય છે, એ દર્શાવે છે :

अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥ २२ ॥

अनवस्थेषु=(જે) સ્થિર ન રહેનારાં (વિનાશશીલ), शरीरेषु= શરીરોમાં, अशरीरम्=શરીરરહિત (તેમ જ), अवस्थितम्=અવિચળ ભાવથી સ્થિત છે, महान्तम्=(તે) મહાન, विभुम्=સર્વવ્યાપી, आत्मानम् પરમાત્માને, मत्वा=જાણીને, धीरः=બુદ્ધિમાન મહાપુરુષ, न शोचति= (ક્યારેય કોઈ પણ કારણથી) શોક કરતો નથી. ૨૨

સ્થિર ન રહેનારાં વિનાશશીલ શરીરોમાં જે શરીરરહિત તેમ જ અવિચળ ભાવથી સ્થિર છે, તે મહાન સર્વવ્યાપી પરમાત્માને જાણીને બુદ્ધિમાન પુરુષ કોઈ પણ કારણથી ક્યારેય શોક કરતો નથી. ૨૨

ભાષ્ય : આત્મા પોતાના સ્વરૂપથી આકાશ સમાન છે તેથી દેવ, પિતૃ અને મનુષ્ય વગેરેનાં શરીરોમાં અશરીર છે, અનવસ્થિત અવસ્થિતિરહિત અર્થાત્ અનિત્યોમાં અવસ્થિત નિત્ય એટલે અવિકારી છે તથા મહાન છે. (કોનાથી મહાન છે ? આ પ્રમાણે) મહત્ત્વમાં અન્યની અપેક્ષા હોવાની શંકા કરીને કહે છે કે તે વિભુ અર્થાત્ વ્યાપક આત્માને જાણીને—અહીં 'આત્મા' શબ્દ પોતાના કરતાં બ્રહ્મ જુદું નથી એમ દેખાડવા માટે લેવામાં આવ્યો છે; કેમ કે 'આત્મા' શબ્દ પ્રત્યગાત્મવિષયમાં જ મુખ્ય છે—એવા તે આત્માને 'આ જ હું છું' એમ માનીને ધીર—બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી; કારણ કે આ પ્રકારના આત્મવેત્તામાં શોક હોઈ જ શકતો નથી. ૨૨

જોકે આ આત્મા દુર્વિજ્ઞેય છે તોપણ ઉપાય કરવાથી તે સુવિજ્ઞેય જ અર્થાત્ સહેલાઈથી જાણી શકાય તેવો છે, તે વિષે કહે છે :

આત્મા આત્મકૃપાથી સાધ્ય છે

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम् ॥

अयम् आत्मा=આ પરબ્રહ્મ પરમાત્મા, न= નહીં, प्रवचनेन=પ્રવચનથી, न मेधया=બુદ્ધિથી નહીં, (અને) न बहुना श्रुतेन=ઘણું સાંભળવાથી પણ નહીં, लभ्यः=પ્રાપ્ત થઈ શકે છે, यम्=જેને, एषः=આ, वृणुते=સ્વીકાર કરી લે છે, तेन एव लभ्यः-તેનાથી જ પ્રાપ્ત કરી શકાય છે, (કેમ કે) एषः आत्मा=આ પરમાત્મા, तस्य=તેના માટે, स्वाम् तनूम्=પોતાના યથાર્થ સ્વરૂપને, विवृणुते=પ્રકટ કરી દે છે.

આ પરબ્રહ્મ પરમાત્મા વેદાધ્યયન વડે પ્રાપ્ત થવા યોગ્ય નથી તેમ જ ધારણાશક્તિ અથવા ઘણું સાંભળવાથી પણ પ્રાપ્ત થઈ શકતો નથી. આ (સાધક) જે(આત્મા)નું વરણ કરે છે—સ્વીકાર કરી લે છે તેનાથી જ આ (આત્મા) પ્રાપ્ત કરી શકાય છે. આ પરમ આત્મા તેના પ્રતિ પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે.

ભાષ્ય : આ આત્મા પ્રવચન અર્થાત્ અનેક વેદોનો સ્વીકાર કરવાથી પ્રાપ્ત થવા યોગ્ય અર્થાત્ જાણી શકાય તેવો નથી, તેમ જ મેધા એટલે ગ્રંથના અર્થને ધારણા કરવાની શક્તિથી અને કેવળ ઘણું શ્રવણ કરવાથી પણ જાણી શકાય તેમ નથી. તો પછી કયા પ્રકારથી તે પ્રાપ્ત કરી શકાય છે તે કહે છે.

આ સાધક જે આત્માનું વરણ કરે છે અર્થાત્ પ્રાર્થના કરે છે તે વરણ કરનારા આત્મા વડે આ આત્મા પોતે જ પ્રાપ્ત કરાય છે; અર્થાત્ તેનાથી જ 'આ આવો છે' આ પ્રમાણે જાણવામાં આવે છે. તાત્પર્ય એ છે કે, કેવળ આત્મલાભને માટે જ પ્રાર્થના કરનારા નિષ્કામ પુરુષને આત્મા વડે જ આત્માની ઉપલબ્ધિ થાય છે. કઈ રીતે ઉપલબ્ધિ થાય છે, તે વિષે કહે છે. તે આત્માના અભિલાષી પ્રતિ આ આત્મા પોતાના પારમાર્થિક સ્વરૂપ અર્થાત્ પોતાના યાથાત્મ્યને પ્રકાશિત કરે છે. ૨૩

એ સિવાય બીજી વાત આ પણ છે :

આત્મજ્ઞાનનો અનધિકારી

नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः ।
नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥ २४ ॥

प्रज्ञानेन=સૂક્ષ્મ બુદ્ધિ વડે, **अपि**=પણ **एनम्**=આ પરમાત્માને, **न दुश्चरितात् अविरतः आप्नुयात्**=દુરાચરણોથી નિવૃત્તિ થયા સિવાય તે

પ્રાપ્ત કરી શકતો નથી. न अशान्तः=જે અશાન્ત છે તે પ્રાપ્ત કરી શકતો નથી, न असमाहितः=મન અને ઇંદ્રિયો જેના કાબૂમાં નથી તે, वा=અને, न अशान्तमानसः (आप्नुयात्)=તેમ જ જેનું મન શાંત નથી તે પણ (આ પરમાત્માને) પ્રાપ્ત કરી શકતો નથી. ૨૪

જે દુરાચરણથી અટક્યો નથી, જેની ઇંદ્રિયો શાંત થઈ નથી અને જેનું ચિત્ત શાંત નથી તે માણસ એને (પરમાત્માને) પ્રાપ્ત કરી શકતો નથી. ૨૪

ભાષ્ય : દુષ્ટ આચરણોમાં અને શ્રુતિસ્મૃતિએ નિષેધેલાં કર્મોમાં રચ્યોપચ્યો રહેનારો, ઇંદ્રિયોની લોલુપતાને લઈને અશાંત, વ્યગ્ર તથા વિક્ષિપ્ત ચિત્તવાળો, તેમ જ મનનું સમાધાન થયેલું હોવા છતાં પણ એકાગ્રતાના ફળની ઇચ્છા રાખવાથી અશાંત ચિત્તવાળો તથા નિરંતર કામમાં રોકાયેલા મનવાળો મનુષ્ય આ ઉપર જણાવેલા આત્માને આત્મજ્ઞાન દ્વારા પ્રાપ્ત કરી શકતો નથી. અર્થાત્ પાપકર્મ અને ઇંદ્રિયોની ચંચળતાથી દૂર રહેનારો, સ્વસ્થ ચિત્તવાળો અને સમાધાનનું ફળ મળવાથી શાંત ચિત્તવાળો, આચાર્યવાન સાધક જ બ્રહ્મજ્ઞાન દ્વારા આત્માને મેળવી શકે છે.

પરંતુ જે સાધક એવો નથી તેના વિષયમાં શ્રુતિ કહે છે :

यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ।
मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः ॥ २५ ॥

यस्य=(સંહારકાળમાં) જે પરમેશ્વરના, ब्रह्म च क्षत्रम् च उभे=બ્રાહ્મણ અને ક્ષત્રિય—આ બંને અર્થાત્ પ્રાણીમાત્ર, ओदनः=ખોરાક, भवतः=બની જાય છે (તેમ જ), मृत्युः यस्य=સર્વનો સંહાર કરનાર મૃત્યુ (પણ) જેનું, उपसेचनम्=ઉપસેચન (વ્યંજન–શાકભાજી, ચટણી, અથાણું વગેરે), भवति=બની જાય છે, सः यत्र=તે પરમેશ્વર જ્યાં (અને), इत्था=જેવો છે, એવો બરાબર, कः वेद=કોણ જાણે છે?

જે આત્માના બ્રાહ્મણ અને ક્ષત્રિય આ બન્ને ઓદન—ભાત (ખોરાક) છે તથા મૃત્યુ જેનું ઉપસેચન (શાક વગેરે) છે તે જ્યાં છે તેને કયો (અજ્ઞ પુરુષ) આ પ્રમાણે (ઉપર કહેલા સાધન–સંપન્ન અધિકારીની પેઠે) જાણી શકે છે? ૨૫

ભાષ્ય : સર્વ ધર્મોને ધારણ કરનારા અને સર્વના રક્ષક હોવા છતાંય બ્રાહ્મણ અને ક્ષત્રિય આ બંને વર્ણ જે આત્માના ઓદન—ખોરાક છે તેમ જ સર્વનો સંહારક મૃત્યુ પણ જેનું ભાત સાથે ખાવા માટેનું ઉપસેચન અર્થાત્ શાકભાજી સમાન છે એટલે કે ભોજન માટે પણ પૂરતું નથી, તે આત્માને, જ્યાં તે છે, એવો ઉપર કહેલાં સાધનોથી રહિત અને સાધારણ બુદ્ધિવાળો કયો પુરુષ છે, જે આ પ્રમાણે—ઉપર કહેલા સાધનસંપન્ન પુરુષની પેઠે જાણી શકે?

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવાન શ્રીશંકરાચાર્યે રચેલા
કઠોપનિષદના પ્રથમ અધ્યાયમાં દ્વિતીય વલ્લીભાષ્ય સમાપ્ત

ત્રીજી વલ્લી

પ્રાપ્ત થનારા અને પ્રાપ્તવ્ય ભેદથી બે આત્મા

ભાષ્ય : આ 'ऋतं पिबन्तौ' વગેરે ત્રીજી વલ્લીનો સંબંધ આ પ્રમાણે છે : બીજી વલ્લીમાં વિદ્યા અને અવિદ્યાને નાના પ્રકારના વિરુદ્ધ ધર્મોવાળી બતાવવામાં આવી છે; પરંતુ તેમનો ફળ સહિત યોગ્ય રીતે નિર્ણય કરવામાં આવ્યો નથી. એટલે તેમના યોગ્ય નિર્ણય માટે (આ વલ્લીમાં) રથના રૂપકની કલ્પના કરવામાં આવી છે. એથી (વિદ્યા–અવિદ્યાને) સમજવામાં સરળતા થાય છે. એવી જ રીતે પ્રાપ્ત થનારા અને પ્રાપ્તવ્ય સ્થાન તથા ગમન કરનારા અને ગંતવ્ય લક્ષ્યનો વિવેક કરવાને માટે બે આત્માઓનો વિચાર કરવામાં આવે છે :

ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे ।
छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥

सुकृतस्य लोके=શુભ કર્મોના ફળસ્વરૂપ મનુષ્યશરીરમાં, परमे परार्धे=પરબ્રહ્મના ઉત્તમ નિવાસસ્થાન(હૃદય-આકાશ)માં, गुहाम् प्रविष्टौ=બુદ્ધિરૂપી ગુફામાં સંતાયેલા, ऋतम् पिबन्तौ=સત્યનું પાન કરનારા (બે છે), छायातपौ=છાયા અને આતપ(તડકા)ની પેઠે પરસ્પર ભિન્ન છે; (આ વાત) ब्रह्मविदः=બ્રહ્મવેત્તા જ્ઞાની મહાપુરુષો, वदन्ति= કહે છે. च ये=અને જેઓ, त्रिणाचिकेताः=ત્રણવાર નાચિકેત અગ્નિનું ચયન કરનારા (ને) पञ्चाग्नयः=પંચાગ્નિની ઉપાસના કરનારા ગૃહસ્થ છે; (તે) वदन्ति=તેઓ પણ આ જ વાત કહે છે. ૧

બ્રહ્મવેત્તાઓ કહે છે કે, શરીરમાં બુદ્ધિરૂપ ગુફાની અંદર પ્રકૃષ્ટ–ઉત્તમ બ્રહ્મસ્થાનમાં પ્રવેશીને પોતાનાં કર્મફળને ભોગવનાર છાયા અને તડકાની જેમ પરસ્પર વિલક્ષણ–ભિન્ન બે તત્ત્વ છે. આ જ વાત, જેમણે નાચિકેત

અગ્નિનું ત્રણ વાર ચયન કર્યું છે તે પંચાગ્નિની ઉપાસના કરનારાઓ પણ કહે છે. ૧

ભાષ્ય : ઋત્ અર્થાત્ અવશ્યંભાવી હોવાને લીધે સત્ય કર્મ-ફળનું પાન કરનારા બે આત્મા છે; જેમાંનો એક કર્મના ફળને ભોગવે છે, જ્યારે બીજો ભોગવતો નથી; તોપણ કર્મફળને ભોગવનારા આત્મા સાથે સંબંધ હોવાને લીધે અહીં છત્રીન્યાયથી* બંનેને માટે 'पिबन्तौ' આ દ્વિવચનનો પ્રયોગ થયેલો છે. સુકૃત એટલે પોતે કરેલાં કર્મનાં ફળ ભોગવતા રહીને,–અહીં 'सुकृतस्य' શબ્દનો પૂર્વવર્તી 'ऋतम्' શબ્દની સાથે સંબંધ છે. લોક અર્થાત્ આ શરીરમાં ગુહામાં બુદ્ધિની અંદર પરમ–બાહ્ય દેહાશ્રિત આકાશ-સ્થાનની અપેક્ષાએ ઉત્કૃષ્ટ પરબ્રહ્મના અર્ધ અર્થાત્ સ્થાનમાં પ્રવેશેલા છે, કેમ કે તેમાં જ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, માટે તે (બંને આત્મા) પરમ પરાર્ધ અર્થાત્ હૃદયાકાશમાં પ્રવેશેલા છે એવું કહેવાનું તાત્પર્ય છે. તે બંને સંસારી અને અસંસારી હોવાને લીધે છાયા અને તડકાની જેમ એકબીજાથી જુદા છે–ભિન્ન છે એમ બ્રહ્મવેત્તાઓ વર્ણન કરતાં કહે છે. કર્મ નહિ કરનારા બ્રહ્મવેત્તા એકલા જ કેવળ આમ કહે છે, એમ નથી પરંતુ જેઓ ત્રિણાચિકેત છે–જેમણે ત્રણવાર નાચિકેત અગ્નિનું ચયન કર્યું છે, તે પંચાગ્નિની ઉપાસના કરનારા ગૃહસ્થો પણ એમ જ કહે છે. ૧

---

* ઘણા માણસો જઈ રહ્યા હોય ને તેમાંથી કોઈ એક માણસ પાસે છત્રી હોય ત્યારે દૂરથી જોનારો કોઈ પુરુષ તેમને બતાવવા માટે 'જુઓ, પેલા છત્રીવાળાઓ જઈ રહ્યા છે' એવો વાક્યપ્રયોગ કરે છે. આ પ્રમાણે એક છત્રીવાળા સાથે સંબંધ હોવાને લીધે તે આખો સમૂહ જ છત્રીવાળો કહેવાય છે. એને છત્રી-ન્યાય કહેવામાં આવે છે. એવી જ રીતે અહીં ભોક્તા જીવ(આત્મા)ના સંબંધથી ઈશ્વર(પરમાત્મા)ને પણ ભોક્તા કહેવામાં આવ્યો છે.

यः सेतुरीजानानामक्षरं ब्रह्म यत्परम् ।
अभयं तितीर्षतां पारं नाचिकेतꣳशकेमहि ॥ २ ॥

ईजानानाम्-યજ્ઞ કરનારાઓને માટે, यः सेतुः=દુઃખના સમુદ્રની પાર પહોંચવા માટે જે સેતુ છે; (तम्) नाचिकेतम्=તે નાચિકેત અગ્નિને (અને); परम् तितीर्षताम्=સંસારસમુદ્રને પાર જવા ઇચ્છનારાઓ માટે, यत् अभयम्=જે ભયરહિત છે, (तत्) अक्षरम्=તે અવિનાશી, परम् ब्रह्म-પરબ્રહ્મ પુરુષોત્તમને, शकेमहि=જાણવામાં અને પ્રાપ્ત કરવામાં પણ અમે સમર્થ થઈએ. ૨

જે નાચિકેત અગ્નિ યજ્ઞ કરનારાઓ માટે દુઃખરૂપી સમુદ્રની પાર પહોંચવામાં યોગ્ય સેતુરૂપ છે તે અગ્નિને તથા સંસાર-સમુદ્રની પાર જવા ઇચ્છનારાઓ માટે જે ભયરહિત પદ છે અને પરમ આશ્રય છે તે અવિનાશી પરબ્રહ્મ પુરુષોત્તમને જાણવામાં અને પ્રાપ્ત કરવામાં અમે શક્તિમાન થઈએ. ૨

भाष्य : દુઃખને પાર કરવાનું સાધન હોવાથી જે નાચિકેત અગ્નિ, યજમાન અર્થાત્ કર્મીઓ માટે સેતુ સમાન હોવાને લીધે જે સેતુરૂપ છે તે અગ્નિને જાણવામાં અને તેનું ચયન કરવામાં અમે શક્તિમાન થઈએ. વળી જે ભયરહિત છે અને સંસારને તરવાની ઇચ્છાવાળા બ્રહ્મવેત્તાઓનો પરમ આશ્રય અવિનાશી આત્મા નામનો બ્રહ્મ છે તેને જાણવામાં પણ અમે સમર્થ થઈ શકીએ. અર્થાત્ કર્મ-વેત્તાનો આશ્રય અપર બ્રહ્મ અને બ્રહ્મવેત્તાનો આશ્રય પરબ્રહ્મ—આ બંનેય જાણવા યોગ્ય છે—આ, આ વાક્યનો અર્થ છે. 'ऋतं पिबन्तौ' વગેરે મંત્રથી આ જ બંને બ્રહ્મનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૨

(આ મંત્રમાં યમરાજે પરમાત્માને તેમને જાણવાની શક્તિ આપવા માટે પ્રાર્થના કરીને એવો ભાવ દર્શાવ્યો છે કે, પરબ્રહ્મ

પુરુષોત્તમને જાણવાનું અને પ્રાપ્ત કરવાનું સૌથી ઉત્તમ અને સરળ સાધન તેમની પ્રાર્થના જ છે. ૨)

હવે તે પરબ્રહ્મ પુરુષોત્તમના પરમ ધામમાં ક્યાં સાધનોવાળો મનુષ્ય પહોંચી શકે છે, આ વાત રથ અને રથીના રૂપકની કલ્પના કરીને સમજાવવામાં આવે છે :

आत्मानꣳरथिनं विद्धि शरीरꣳरथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ ३ ॥

आत्मानम्=(હે નચિકેતા ! તમે) જીવાત્માને, रथिनम्=રથનો માલિક (તેમાં બેસીને જનારો) विद्धि=જાણો, तु=અને, शरीरम् एव=શરીરને જ, रथम्=રથ (માનો), बुद्धिं तु=તથા બુદ્ધિને, सारथिम्=સારથિ (રથને હાંકનારો), विद्धि=જાણો, च मनः एव=ને મનને જ, प्रग्रहम्=લગામ (સમજો). ૩

હે નચિકેતા ! તમે જીવાત્માને રથી અર્થાત્ રથનો સ્વામી જાણો; શરીરને જ રથ માનો તથા બુદ્ધિને સારથિ જાણો અને મનને લગામ સમજો. ૩

भाष्य : જીવાત્માને અર્થાત્ કર્મફળ ભોગવનારા સંસારીને રથી એટલે કે રથનો માલિક જાણ, ને શરીરને તો રથ જ સમજ, કેમ કે શરીરરૂપી રથમાં જોતરાયેલા અશ્વરૂપ ઇન્દ્રિયસમૂહથી એ શરીરરૂપી રથને ખેંચવામાં આવે છે. તેમ જ નિશ્ચય કરવો એ જ જેનું લક્ષણ છે તે બુદ્ધિને સારથિ જાણ; કેમ કે સારથિરૂપ નેતા જ જેમાં મુખ્ય છે તે રથની સમાન શરીર બુદ્ધિરૂપ નેતાની પ્રધાનતાવાળું છે; કારણ કે દેહનાં સર્વ કાર્યો ઘણું કરીને બુદ્ધિનાં જ કર્તવ્યો છે. વળી સંકલ્પ-વિકલ્પાદિરૂપ મનને પ્રગ્રહ-લગામ સમજ; કેમ કે જેવી રીતે ઘોડાઓ લગામથી વશ રહીને ચાલે છે તેવી જ રીતે કર્ણ વગેરે ઇન્દ્રિયો મનને વશ રહીને જ પોતાના વિષયમાં પ્રવૃત્ત થાય છે. ૩